RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 69* Date: 04.01.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજયમાં ૧૫થી ૧૮ વર્ષ સુધીના બાળકોની વેક્સિન આપવાનું શરૂ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કિશોરોને કોરોના વેક્સિન આપવાના અભિયાનને શરૂ કરાવ્યું





અમદાવાદ,તા.૩

રાજયમાં ૧૫થી ૧૮ વર્ષ સુધીના કિશોરોને કોરોનાની રસી માટે આજથી રસીકરણ અભિયાનની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ૧૫થી ૧૮ વર્ષની વયના કિશોરોને કોરોના વેક્સિન આપવાના અભિયાનને ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોનાવાલા હાઈસ્કૂલથી શરૂ કરાવ્યું હતું. ત્યાર બાદ રાજયભરમાં ટીનેજર્સને વેક્સિન આપવાની શરૂઆત થઈ હતી. વેક્સિન માટે ટીનેજર્સે લાઈન લગાવી હતી.

અમદાવાદ શહેરની ૬૯૪ શાળાના ૧ લાખ ૮૦ હજાર ૪૮૦થી વધારે બાળકોને આજે રસી આપવામાં આવશે. અમદાવાદ શહેરની શાળાઓમાં આજથી એટલે કે ૩ જાન્યુઆરીથી લઈને ૧૦ જાન્યુઆરી સુધી વેક્સિનેશન ડ્રાઈવ ચાલવાની છે. જેમાં અમદાવાદ શહેરમાં અલગ અલગ દિવસ વેક્સિન આપવા માટે વિવિધ વિસ્તારની શાળાઓ નક્કી કરવામાં આવી છે. આજે કિશોરો માટેના રસીકરણના પહેલા દિવસે અમદાવાદ શહેરની કુલ ૯૬ જેટલી શાળાના ૪૩ હજાર ૮૬૭ બાળકોને વેક્સિન આપવામાં આવશે.

અમદાવાદ ડીઈઓ હિતેન્દ્રસિંહ પઢેરિયાએ જણાવ્યું હતું કે આજથી વેક્સિનેશન શરૂ થયું છે. જેમાં ૧૫ થી ૧૮ વર્ષના ૧.૨૨ લાખ વિદ્યાર્થીઓ સ્કૂલમાં ભણે છે. જેમને વેક્સિન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીની નિકિતા તુરેજાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વેક્સિન લેવા માટે માટે હું ખૂબ જ ડરતી હતી. પરંતુ

## વેક્સિન લીધા પછી વિદ્યાર્થીઓએ કહ્યું-રસી લીધા પછી કાંઈ થતું નથી, ડરવાની બિલકુલ જરૂર નથી

વેક્સિન લીધા બાદ લાગ્યું કે ડરવાની જરૂર નથી કારણકે વેક્સિન કોરોનાથી આપણી સુરક્ષા માટે જ છે.રાજકોટમાં પણ આજે શહેરની ૮૦૦ પૈકી ની ૭૧ શાળામાં વેક્સિનેશનની શરૂઆત કરવામાં આવી છે. જયાં વેક્સિન લેવા વિદ્યાર્થીઓની લાઈન લાગી હતી. તો બે વાલીઓ તરફથી શાળાના દરેક બાળકોને બોલપેન આપી પ્રોત્સાહિત કરાયા હતા.ટાગોર રોડ પર આવેલ એસ.વી.વિરાણી હાઈસ્કૂલ કે જયાં સૌથી વધુ વિદ્યાર્થીઓ વેક્સિન લેવાના છે. વિરાણી હાઈસ્કૂલમાં કુલ ૧૦૫૬ વિદ્યાર્થીઓ છે કે જેમની ઉંમર ૧૫થી ૧૮ વર્ષની છે.

વિરાણી હાઈસ્કૂલના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, દરેક વર્ગખંડમાં જે વિદ્યાર્થીઓને હાલ કોઈ વાયરલ ઈન્ફેક્શન હોય અથવા ગેરહાજર હોય તો તેમના માટે આગામી ૭ તારીખના રોજ ફરી વેક્સિનેશન કરાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે. વિરાણી હાઈસ્કૂલની વાત કરવામાં આવે તો ૧૦૫૬ વિદ્યાર્થીઓમાંથી હાલ મોટા ભાગે એટલે કે ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓએ વેક્સીન લેવા માટે સહમતી દાખવી છે જયારે બાકીના વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરીને તેમજ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે અને વેક્સિન લેવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

સુરતમાં ૧.૯૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ ખાનગી શાળા, સુમન શાળા અને અન્ય શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નોંધાયા છે.એક જ દિવસમાં ૪૫૦૦૦ જેટલા ૧૫થી ૧૮ વર્ષની વયના વિદ્યાર્થીને વેક્સિન આપવા અંગેનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે.મહેક પંચાલે જણાવ્યું કે,અમે આવ્યા ત્યારે આજે સવારથી થોડુંક ટેન્શન હતું કે, વેક્સિન લગાવવાની છે. ડર ચોક્કસ લાગતો હતો કે, વેક્સિન મૂકયા બાદ શું થશે. પરંતુ વેક્સિન લીધા બાદ કોઈ જ તકલીફ થઈ નથી. જેથી ડર ખોટો રાખ્યો હતો.

વેક્સિન મુકાવ્યા બાદ ચક્કર આવશે એટલે નાસ્તો કરીને જ આવી હતી. કેસર ગજ્જરે જણાવ્યું કે વેક્સિન લીધા પછી તાવ કે અન્ય તકલીફો થવાની પણ કિસ્સાઓ સાંભળેલા હતા એટલે થોડો ડર લાગતો હતો. પરંતુ મેં વેક્સિન લીધા બાદ મને એવી કોઈ તકલીફ થઈ નથી. આખા દિવસ દરમિયાન પણ આવી કોઈ તકલીફ ન થાય તેવું કહેવામાં આવ્યું છે.વડોદરામાં આજથી ૭૯ રસીકરણ કેન્દ્રો પર રસીકરણ હાથ ધરવામાં આવ્યું છે. કોરોના વેક્સિનેશનનો વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડોદરામાં અત્યાર સુધીમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓનું વેક્સિનેશન થયું છે. વડોદરા શહેરમાં અંદાજે દોઢ લાખ જેટલા કિશોરોને રસી આપવામાં આવશે. વડોદરાની ઉર્મી સ્કૂલમાં ધો-૧૧માં ભણતી કૃતિ પટેલે જણાવ્યું હતું કે અત્યારે મેં વેક્સિન લીધી છે અને દરેક વ્યક્તિએ લેવી જોઈએ, કારણ કે અત્યારે ઓમિક્રોનને કારણે કોરોનાના કેસ વધી રહ્યા છે.

## ચીને નવા વર્ષના પહેલા જ દિવસે ગલવાન ઘાટી પર ફરકાવ્યો પોતાનો ઝંડો

નવીદિલ્હી,તા.૩

નવા વર્ષે ચીનના સરકારી મીડિયા સાથે જોડાયેલા ચીની પત્રકાર શેન શિવેઈએ પોતાના ટ્વિટર પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં ચીની સૈનિકોએ એક ઘાટી વિસ્તારમાં ઝંડો ફરકાવતા બતાવવામાં આવ્યા છે. આ વીડિયો શેર કરીને એક ચીની પત્રકારે લખ્યુ છે કે નવા વર્ષ ૨૦૨૨ના પહેલા દિવસે ગલવાન ઘાટીમાં ચીનનો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવવામાં આવ્યો. ચીને ભારતીય સીમા પાસે ગલવાન ઘાટીમાં ઝંડો ફરકાવીને પોતાના લોકોને સંદેશ આપ્યો છે કે તે એક ઈંચ પણ જમીન નહિ આપે.

ચીની પત્રકાર શેન શિવેઈએ આગળ લખ્યુ કે આ રાષ્ટ્રીય ધ્વજ ખૂબ જ ખાસ છે કારણકે તેને સૌથી પહેલા બેઈજિંગના થિએનમેન સ્કવેર પર ફરકાવવામાં આવ્યો હતો. ચીની શાસને તેના પર ટેંક લગાવ્યા હતા અને તેને તોપોથી ઉડાવી દીધુ હતુ. આ ઘટનામાં હજારો યુવકો માર્યા ગયા હતા ત્યારબાદ ત્યાં જે ઝંડો ફરકાવવામાં આવ્યો હતો તેને ચીને ગલવાન ઘાટીમાં કથિત રીતે ફરકાવ્યો હતો.

ચીને પોતાની સીમામાં આ ઝંડો ફરકાવ્યો છે પરંતુ આ પહેલા રાજ્ય મીડિયા સાથે જોડાયેલા એક પત્રકાર જેમણે ઘણી વાર ભારત વિરોધી પોસ્ટ લખી છે તેમણે આને વિશેષ રૂપે ગલવાન ઘાટીને ઉલ્લેખ કરીને શેર કર્યો છે. જેનો ઉદ્દેશ ભારતને ભડકાવવા કે ચિડવવાનો છે. ઉલ્લેખનીય છે કે જૂન, ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારત અને ચીનના જવાનો વચ્ચે હિંસક ઝડપ થઈ હતી જેમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થઈ ગયા હતા.

વીડિયો સામે આવ્યા બાદ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને મોદી સરકારને મૌન તોડવા માટે કહ્યુ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પૂર્વ લદ્દાખના ગલવાન વિસ્તારમાં ચીની ઘૂસણખોરી પર મૌન તોડવા માટે કહ્યુ. પૂર્વ લદ્દાખ અને અરુણાચલ પ્રદેશમાં ચીની ઘૂસણખોરીને ઉકેલવા માટે વિપક્ષી દળો મોદી સરકાર પર નિશાન સાધી રહ્યા છે. રાહુલ ગાંધીએ ટ્વિટર પર કહ્યુ, ‘ગલવાન પર આપણે તિરંગો સારો લાગી રહ્યો છે. ચીનને જવાબ આપવો જોઈએ. મોદીજી મૌન તોડો.‘ આ પહેલા રાહુલ ગાંધીએ અરુણાચલ પ્રદેશાં ૧૫ ચીની સ્થાનોના નામ બદલાયા બાદ સરકારને ઘેરવાની માંગ કરીહતી.

## ડિસેમ્બરમાં વીજ વપરાશ ૪.૫% વધીને ૧૧૦.૩૪ અબજ યુનિટ રહ્યો

નવીદિલ્હી,તા.૩

કેલેન્ડર વર્ષ ૨૦૨૧ના અંતિમ મહિના ડિસેમ્બરમાં દેશમાં વીજળીનો વપરાશ વધીને ૧૧૦.૩૪ અબજ યુનિટ્સ (બિલિયન યુનિટ) થયો છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીએ ૪.૫ ટકા વધુ છે. ઉર્જા મંત્રાલયના આંકડા અનુસાર ગત વર્ષે સમાન સમયગાળામાં એટલે કે ડિસેમ્બર, ૨૦૨૦માં વીજળીનો વપરાશ ૧૦૧.૦૮ અબજ યુનિટ હતો.

નવેમ્બરમાં વીજળીનો વપરાશ ૨.૬ ટકા વધીને ૯૯.૩૭ અબજ યુનિટ થયો છે. નવેમ્બર ૨૦૨૦માં તે ૯૬.૮૮ અબજ યુનિટ અને નવેમ્બર ૨૦૧૯માં ૧૦૯.૧૭ અબજ યુનિટ હતું. ઓક્ટોબર ૨૦૨૧માં દેશમાં વીજળીનો વપરાશ ૩.૩ ટકા વધીને ૧૧૨.૭૯ અબજ યુનિટ થયો હતો. તે જ સમયે, ઓક્ટોબર ૨૦૨૦માં તે ૧૦૯.૧૭ અબજ યુનિટ હતો. આ વર્ષે મે મહિનામાં વીજળીનો વપરાશ વાર્ષિક ધોરણે ૬.૬ ટકા વધીને ૧૦૮.૮૦ યુનિટ થયો હતો. મે, ૨૦૨૦માં તે ૧૦૨.૦૮ અબજ યુનિટ હતો. જૂનમાં વીજળીનો વપરાશ લગભગ નવ ટકા વધીને ૧૧૪.૪૮ અબજ યુનિટ થયો હતો. જૂન ૨૦૨૦માં તે ૧૦૫.૦૮ અબજ યુનિટ હતો.

ડિસેમ્બર, ૨૦૨૧માં પીક પાવર ડિમાન્ડ એટલે કે એક દિવસમાં મહત્તમ વીજ પુરવઠો વધીને ૧૮૩.૩૯ ગીગાવોટ થયો છે, જે ડિસેમ્બર, ૨૦૨૦માં ૧૮૨.૭૮ ગીગાવોટ અને ડિસેમ્બર, ૨૦૧૯માં ૧૭૦.૪૯ ગીગાવોટ હતો.નિષ્ણાંતોનું માનવું છે કે દેશભરમાં આર્થિક ગતિવિધિઓમાં સુધારાની વચ્ચે ડિસેમ્બરમાં વીજળીનો વપરાશ સ્થિર રીતે વધ્યો છે.

## દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૧૯૪ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૩

રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે. ઓમિક્રોન વેરિઅન્ટના ખતરા વચ્ચે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩ હજાર ૧૯૪ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા, જેના પછી દિલ્હીમાં કોરોના સંક્રમણની કુલ સંખ્યા ૧૪ લાખ ૫૪ હજાર ૧૨૧ પર પહોંચી ગઈ. લગભગ સાડા સાત મહિના પછી દિલ્હીમાં એક જ દિવસમાં આટલા કેસ નોંધાયા છે. અગાઉ ગત વર્ષે ૨૦ મેના રોજ ૩ હજાર ૨૩૧ કેસ નોંધાયા હતા. સંક્રમણ દરમાં પણ ઉછાળો આવ્યો અને તે આજે ૪.૫૯ ટકા પર પહોંચી ગયો છે. ૨૦ મેના રોજ ચેપ દર ૫.૫૦ ટકા હતો.

સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા ૮ હજારને વટાવી ગઈ છે. આજે દિલ્હીમાં કોરોનાના ૮ હજાર ૩૯૭ સક્રિય કેસ છે. આ આંકડો લગભગ ૭ મહિનામાં સૌથી વધુ છે. ૩ જૂને ૮ હજાર ૭૪૮ એક્ટિવ કેસ હતા. બીજી તરફ દિલ્હીમાં રવિવારે એક વ્યક્તિનું કોરોનાને કારણે મોત થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજધાનીમાં ૬૯,૬૫૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તે જ સમયે, કુલ ૪૭૫૯ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. દિલ્હીમાં ૩૦૭ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે. દિલ્હીમાં શનિવાર કરતાં રવિવારે ૧૭ ટકા વધુ સંક્રમિત જોવા મળ્યા છે. રાજધાનીમાં અત્યાર સુધીમાં ૧૪,૨૦,૬૧૫ દર્દીઓએ કોરોનાને માત આપી છે. ગઈકાલે દિલ્હીમાં કોરોના વાયરસના ૨,૭૧૬ કેસ નોંધાયા હતા.

જયારે મુંબઈમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૮ હજાર ૬૩ લોકો કોરોના સંક્રમણની ઝપેટમાં આવ્યા છે. જોકે, રાહતની વાત એ છે કે આમાંથી ૭ હજાર ૧૭૬ લોકો એસિમ્પટમેટિક છે એટલે કે તેમનામાં કોરોનાના કોઈ લક્ષણો નથી. આ સિવાય આજે એક પણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો નથી. ૨૪ કલાક દરમિયાન મુંબઈમાં ૭ હજાર ૧૭૬ લોકો કોરોના સંક્રમણને મ્હાત આપવામાં સફળ થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે શનિવારે શહેરમાં ચેપના ૬,૩૪૭ કેસ અને રવિવારે ૨૭ ટકા વધુ કેસ નોંધાયા હતા.આજે સમગ્ર મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૧૧ હજાર ૮૭૭ કેસ નોંધાયા છે, જયારે ૯ લોકોના મોત થયા છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ હજાર ૬૯ લોકો સાજા થયા છે. આ ઉપરાંત, આજે રાજયમાં ઓમિક્રોનના ૫૦ કેસની પુષ્ટિ થઈ છે, ત્યારબાદ મહારાષ્ટ્રમાં ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત લોકોની સંખ્યા ૫૧૦ પર પહોંચી ગઈ છે.

## પશ્ચિમ બંગાળમાં લોકડાઉન : શાળા, કોલેજ બંધ

પશ્ચિમબંગાળ,તા.૦૩

પશ્ચિમ બંગાળ રાજયની તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ બંધ રહેશે. આ સંસ્થાઓમાં કર્મચારીઓને માત્ર વહીવટી કામ માટે ૫૦ ટકા ક્ષમતા સાથે કામ કરવાની મંજૂરી આપવામાં આવશે. યુકેથી આવતી તમામ ફલાઇટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવશે. ‘દ્વારે સરકાર’ ને લગતા તમામ કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે અને તે ૧ ફેબ્રુઆરીથી ફરી શરૂ કરવામાં આવશે. સ્વિમિંગ પુલ, સ્પા, જીમ, બ્યુટી પાર્લર, સલૂન અને વેલનેસ સેન્ટર બંધ રહેશે. લગ્ન સમારોહમાં ૫૦ થી વધુ લોકોને હાજરી આપવાની મંજૂરી આપવામાં આવશે નહી અને અંતિમ સંસ્કારમાં ફક્ત ૨૦ લોકોને જ આવવાની મંજૂરી આપવામાં આવશે. રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, શનિવારે પશ્ચિમ બંગાળમાં કોવિડ-૧૯ના ૪૫૧૨ નવા કેસ નોંધાયા હતા, જયારે શુક્રવારે તેમની સંખ્યા ૧૦૬૧ હતી. કોલકાતામાં કોરોના સંક્રમણના ૨૩૯૮ નવા કેસ મળી આવ્યા છે. મુખ્ય સચિવ એચકે દ્વિવેદીએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે રાજયમાં ૧૫ જાન્યુઆરી સુધી રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યાની વચ્ચે માત્ર આવશ્યક સેવાઓને જ મંજૂરી આપવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં, છેલ્લા સાત દિવસમાં કોરોના વાયરસના ચેપના કેસોમાં ૧૨ ગણા વધારા વચ્ચે રાજય સરકારે નિયંત્રણો લાદવાનું શરૂ કર્યું છે. રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, રવિવારે પશ્ચિમ બંગાળમાં ચેપના ૬,૧૫૩ નવા કેસ નોંધાયા હતા. મુખ્ય સચિવે કહ્યું, “કાલથી તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રહેશે. ૫૦ ટકા ક્ષમતા સાથે માત્ર વહીવટી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે. તેમણે કહ્યું કે બોર્ડની પરીક્ષા અંગેનો નિર્ણય સંબંધિત બોર્ડ લેશે.પશ્ચિમ બંગાળ લોકડાઉનમાં કોરોનાવાયરસ ચેપના વધતા જતા કેસોને કારણે, રાજ્ય સરકારે ફરીથી કોવિડ -૧૯ સંબંધિત કડક નિયંત્રણો લાગુ કર્યા છે. પ્રેસ કોન્ફરન્સમાં રાજ્યમાં લાગુ કરાયેલા નવા નિયમો વિશે માહિતી આપતા મુખ્ય સચિવ એચકે દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ તમામ નિયંત્રણો ૩ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધી લાગુ રહેશે. ચેપના કેસોમાં ભારે વધારાને કારણે, તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાના આદેશો સાથે કોવિડ સંબંધિત નિયંત્રણો ફરીથી લાદવામાં આવ્યા છે અને સોમવારથી ઓફિસોમાં કર્મચારીઓની હાજરી ૫૦ ટકા સુધી મર્યાદિત કરી દેવામાં આવી છે. ઉપરાંત, મુંબઈ અને નવી દિલ્હીની ફ્લાઈટ્સ અઠવાડિયામાં માત્ર બે વાર (સોમવાર અને શુક્રવાર) ચાલશે. મુખ્ય સચિવ એચકે દ્વિવેદીએ જણાવ્યું હતું કે બિન-જોખમ શ્રેણીના દેશોમાંથી આવતા મુસાફરો માટે ઝડપી એન્ટિજેન પરીક્ષણ ફરજિયાત રહેશે, જ્યારે આ મુસાફરોમાંથી ૧૦ ટકા માટે આરટી-પીસીઆર પરીક્ષણ પણ કરવામાં આવશે. ૫ જાન્યુઆરીથી, મુંબઈ અને નવી દિલ્હીથી અઠવાડિયામાં માત્ર બે વાર સોમવાર અને શુક્રવારે ફ્લાઈટ્સને મંજૂરી આપવામાં આવશે. જ્યારે બ્રિટનથી કોઈપણ ફ્લાઈટને આવવા દેવામા ં આવી નથી.

## વિદેશી હૂંડિયામણ અનામતમાં ૫૮.૭ કરોડ ડોલરનો ઘટાડો

નવીદિલ્હી,તા.૩

દેશના વિદેશી મુદ્રા ભંડારમાં સતત પાંચમા સપ્તાહે ઘટાડો ચાલુ રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર ૨૪ ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં દેશનું વિદેશી મુદ્રા ભંડાર ૫૮.૭ કરોડ ડોલર ઘટીને ૬૩૫.૦૮ અબજ ડોલર થયું છે. આ અગાઉના ૧૭મી ડિસેમ્બરના સપ્તાહે ફોરેક્સ રિઝર્વ ૧૬ કરોડ ડોલર ઘટીને ૬૩૫.૬૬૭ અબજ ડોલર થયું હતુ. આ અગાઉ ૧૦ ડિસેમ્બરના સપ્તાહે ફોરેક્સ રિઝર્વ ૭.૭ કરોડ ડોલર ઘટીને ૬૩૫.૮૨૮ અબજ ડોલર થયું હતુ. ઈતિહાસનું સૌથી વધુ વિદેશી મુદ્રા ભંડાર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પૂરા ૬૪૨.૪૫૩ અબજ ડોલરના લેવલે પહોંચ્યું હતુ.

આરબીઆઈના સાપ્તાહિક ડેટા અનુસાર ૨૪ ડિસેમ્બરે પૂરા થયેલા રિપાર્ટિંગ સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો થવાનું કારણ કુલ અનામતનો નોંધપાત્ર હિસ્સો ધરાવતા ફોરેન કરન્સી એસેટમાં ઘટાડો છે. આ સપ્તાહે એફસીએ ૮૪.૭ કરોડ ડોલર ઘટીને ૫૭૧.૩૬૯ અબજ ડોલર બિલિયન થયા છે. ફોરેન કરન્સી એસેટ, જે કુલ રીઝર્વમાં નોંધપાત્ર ભાગ ધરાવે છે. ડોલર સિવાયની અન્ય કરન્સી જેવી કે યુરો, પાઉન્ડ અને યેન જેવી ગ્લોબલ કરન્સીના ડોલરની સામેના ઘસારાની અસર પણ એફસીએ પર પડે છે. ભાવમાં વધારો થતા આ સમયગાળા દરમિયાન ગોલ્ડ રિઝર્વમાં ૨૦.૭ કરોડ ડોલર વધીને ૩૯.૩૯ અબજ ડોલર થયું હતું.ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસેના સ્પેશ્યલ ડ્રોઈંગ રાઈટ્સ સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૨.૪ કરોડ ડોલર વધીને ૧૯.૧૧૪ અબજ ડોલર થયા હતા. આ સિવાય આઈએમએફ પાસેનું દેશનું રિઝર્વ ૨.૮ કરોડ ડોલર વધીને ૫.૨૦૭ અબજ ડોલર થયું છે.

## તંત્રી સ્થાનેથી...

# માનવજીવનનું સત્ય સ્વરૂપ લક્ષ્ય શું?

માનવ જીવનનું લક્ષ ધન કમાંવું ધનની પથારી પર સુવાનું અને જીવનમાં આસક્તિમાં સ્થિર થઈને ભોગો ભોગવવાનું લક્ષ નથી, ધન જીવન જીવવા ઉપયોગી જરૂર છે, એટલે તેનો ઉપયોગ જરૂર કરાય પણ ઉપભોગ કરાય નહીં, કારણ કે ઉપયોગ શાંતિ અને આનંદ પ્રદાન કરે, જ્યારે ઉપભોગ દુખ અને ચિંતા જ પ્રદાન કરે , આપણે આનંદ પુર્વક જીવવા આ જગતમાં આવ્યા છીએ, આનંદ આપણો સ્વભાવ છે, એટલે સ્વભાવમાં જીવવું એજ ઉપયોગમાં જીવવું છે, એટલું જ જીવનમાં ધ્યાન રાખવાનું.

આમ સમગ્ર જીવનમાં અહંકાર, રાગ દ્વેષ, વાસના ઈચ્છા ,આસક્તિ વગેરેથી મુક્ત થઈ આત્મિક સત્યમાં સ્થિર થઈને અંતઃસ્થ થઈ, હદયસ્થ થઈ આંતર સાધના આધ્યાત્મિક રીતે કરી આંતરિક રીતે શુધ્ધ અને સ્થિર થઈને, નિર્વિચાર અને પરમ મૌન થઈને આત્મ જ્ઞાન પ્રાપ્ત કરી.

આ સનાતન સંસારના બગીચામાં અનંત સમયથી ક્રીડા કરી રહેલ શાશ્વત બાળ જેવા પરમાત્માને પરમાત્મા સ્વરૂપ થઈ આવા બાળ જેવા પરમાત્માનો અનુભવ અને અનુભૂતિ બાળ જેવા થઈને પ્રાપ્ત કરવાનું જીવનનું સત્ય સ્વરૂપ લક્ષ છે, આજ લક્ષ્યને નજર સમક્ષ રાખીને જીવો.

આ લક્ષથી જેટલા દૂર એટલા જ પ્રમાણમાં જીવનમાં દુખ ચિંતા ગ્લાનિ ચિંતા અને ઉદ્વેગના ભોગી થઈને જીવન વ્યતીત કરવાનો વારો છે, અને તેથી સુખ શાંતિ અને આનંદ દૂર રહેવાના છે, એટલું સત્ય જાણો.

આમ જિંદગી સારી રીતે સત્ય સ્વરૂપ જીવવા માટે જ છે , તમો સત્ય સ્વરૂપ થઈને જિંદગી જીવવાની કોશિશ કરો મુસીબતોનો જરા પણ ભય નાજ રાખો મુસીબતોતો તમોને સત્ય સ્વરૂપ માર્ગે જીવવાની દોરવાની અને માર્ગ દર્શન આપશે. આ જીવન જીવવા જેવુ જ છે આજીવન સુંદર અને મધુર છે, અને આ જીવનમાંથી જ મને સુખ શાંતિ અને આનંદ મળનાર છે, તેવી પાકી સત્ય સ્વરૂપ શ્રધ્ધા રાખો માંરા પર સત્ય સ્વરૂપ પરમાત્માના ચારે હાથ છે,તેમના આશીર્વાદ છે, તેથી મારી પાસે દુખ આવી શકશે જ નહીં તેવી પાકી શ્રધ્ધામાં અને આત્મ વિશ્વાસમાં સ્થિર થાવ.

માનવ જીવનને સફળ બનાવવા માટે માણસે પોતાની સત્ય સ્વરૂપ મર્યાદાઓ સમજવી જોઈએ અને પોતાની નબળાઈઓ દુર્ગુણો દુર્વૃતિઓ ને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આમ જીવન આપણે ધારીએ છીએ એટલું દુખમય નથી, પણ આપણે ધારીએ એટલું આનંદ મય સુખ મય અને શાંતિમય બનાવી જ શકીએ છીએ, તે આપણાં જ હાથની વાત છે, તેવી આત્મિક શ્રધ્ધામાં સ્થિર થાવ આપણાં જીવનમાં સુખનો કોઈપણ અનુભવ દુખની છાયા વિનાનો હોય શકે જ નહિ, એથી ઊલટું આપણને જીવન મળ્યું છે, તો મૃત્યુ તેને વળગેલું જ છે, આમ જીવનમાં હર્ષ છે , તો શોક પણ છે, લાભ છે, તો હાનિ પણ છે, દિવસ છે તો રાત પણ છે, આમ ચક્ર ચાલતું જ રહેનાર છે,તેમાં રૂકાવટ નથી, જ થવાની તેમાંથી જ સત્ય સ્વરૂપ માર્ગ કાઢવાનો છે, સત્ય પર જ પરમાત્માની ધજા ફરકે છે.

આ બધાને સ્વસ્થ ચિત્તે સમતા ધારણ કરીને આ બધાજ પરસ્પર વિરોધી અનુભવો જીવનમાંથી વિદાય લેતા જ નથી, એટલે જીવનના સત્ય સ્વરૂપને સમજવું અને તેનો સહર્ષ સ્વીકાર કરવો, અને કોઈપણ જાતના અનુભવથી વિચલિત ન થવું અને જીવનમાં આવેલી એકે એક ક્ષણનો સત્ય સ્વરૂપ સર્જનાત્મક વિનિયોગ કરવો, એજ સાચી સત્ય સ્વરૂપ જીવવાની જીવન કળા છે.

# અમેરિકાની સૌથી અમીર ૧૦૦ મહિલાઓની યાદીમાં ભારતીય મૂળની પાંચ મહિલાઓ સામેલ



વોશિંગ્ટન,તા.૩

વિશ્વમાં ભારતીયોનું વર્ચસ્વ હવે વધી રહ્યું છે. મહિલાઓ પણ પુરુષોની સાથે કદમ મિલાવીને વિશ્વમાં ભારતનું નામ રોશન કરી રહી છે. અમેરિકાના પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ ૨૦૨૧ એ અમેરિકાની સૌથી અમીર ૧૦૦ સેલ્ફ મેડ મહિલાઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ભારતીય મૂળની પાંચ મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

ફોર્બ્સ ૨૦૨૧ની યાદીમાં પેપ્સિકોના ભૂતપૂર્વ ચેરમેન ઈન્દ્રા નૂયી, સિન્ટેલના સહ-સ્થાપક નીરજા સેઠી, કન્ફલુઅન્ટ કો-ફાઉન્ડર નેહા નરખાડે, અરિસ્તા નેટવર્ક્સના સીઈઓ જયશ્રી ઉલ્લાલ અને ગિંગકો બાયોવર્કસના સહ-સ્થાપક રેશ્મા શેટ્ટીનો સમાવેશ થાય છે. આ મેગેઝીને આ તમામ બિઝનેસ મહિલાઓની કુલ સંપત્તિ ૧૧૮ બિલિયન ડોલર એટલે કે એક લાખ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ લગાવ્યો છે. અમેરિકામાં ૨૬ સૌથી ધનિક સ્વ-નિર્મિત મહિલાઓ હવે અબજોપતિ છે, જેમાં બે ભારતીય અમેરિકનો પણ છે. જયશ્રી ઉલ્લાલ ક્લાઉડ નેટવર્કિંગ ફર્મ એરિસ્ટા નેટવર્ક્સના પ્રમુખ અને સીઈઓ છે. જયશ્રી ઉલ્લાલ ભારતીય અમેરિકન બિઝનેસ વુમનમાં સૌથી ધનિક છે. તેમની નેટવર્થ ૨૦૨૦માં ઈ૧.૩ બિલિયનથી વધીને ૨૦૨૧માં ઈ૧.૭ બિલિયન થઈ ગઈ છે. ફોર્બ્સની ૨૦૨૧ની અમેરિકાની સૌથી ધનવાન સ્વ-નિર્મિત મહિલાઓની યાદીમાં ભારતીય મૂળની પાંચ મહિલાઓમાંની એક જયશ્રી ઉલ્લાલે અરિસ્તા નેટવર્કની આવક ૨૦૧૬માં ઈ૧.૧ બિલિયનથી વધીને ઈ૨.૨ બિલિયન થઈ હતી. તે વર્ષ ૨૦૦૮થી કંપનીની સીઈઓ છે. જયશ્રી ઉલ્લાલે સાન્ટા ક્લેરા યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો છે.

નીરજા સેઠી એક અબજ ડોલરની નેટવર્થ સાથે ફ્લોરિડામાં સ્થિત બીજી સૌથી ધનિક ભારતીય અમેરિકન બિઝનેસ વુમન છે. તેણીએ પ્રતિષ્ઠિત્ કન્સલ્ટિંગ અને આઉટસોર્સિંગ કંપની સિન્ટેલ ઈક્ર.ની સ્થાપના કરી અને તે તેના ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે.

ક્લાઉડ કમ્પ્યુટિંગ કંપની કન્ફલુઅન્ટના સહ-સ્થાપક નેહા નરખેડે કુલ સંપત્તિ ઈ૯૨૫ મિલિયન છે. પુણે યુનિવર્સિટીમાંથી ઈજનેરી સ્નાતક, નેહાએ લિંક્ડઇનના ડેટાને હેન્ડલ કરવા માટે અપાચે કાફકા, ઓપન-સોર્સ મેસેજિંગ સિસ્ટમ ડિઝાઇન કરી.રેશ્મા શેટ્ટી ગ્રેટર બોસ્ટન વિસ્તારમાં સ્થિત સિન્થેટિક બાયોટેકનોલોજી કંપની ગિંગકો બાયોવર્ક્સના સહ-સ્થાપક છે. તેમની કુલ આવક ૭૫૦ મિલિયન ડોલર છે. તેણે આ કંપની તેના પતિ બેરી કેન્ટન સાથે શરૂ કરી હતી. તેમણે એમઆઈટીમાંથી સ્નાતક સંશોધન સહાયક તરીકે તેમની સફર શરૂ કરી અને એમઆઈટી સ્કૂલ ઑફ એન્જિનિયરિંગના ભૂતપૂર્વ વરિષ્ઠ સંશોધન વૈજ્ઞાનિક ટોમ નાઈટની દેખરેખ હેઠળ એમઆઈટી વૈજ્ઞાનિકો સાથે ગિંગકો બાયોવર્ક્સની સહ-સ્થાપના કરી અને આ સ્થાને પહોંચ્યા.

ઈન્દ્રા નૂયીને કોઈ પરિચયની જરૂર નથી. ઈન્દ્રા નૂયી ૧૨ વર્ષથી વધુ સમયથી પેપ્સિકોના ચેરપર્સન છે. યેલ યુનિવર્સિટીમાંથી એમબીએ કરનાર નૂયી વર્ષ ૨૦૧૯માં એમેઝોનના બોર્ડમાં જોડાયા હતા. તેણીની પાસે ઈ૨૯૦ મિલિયનની નેટવર્થ છે. તેણી ૨૦૧૮ માં પેપ્સિકોના સીઈઓ તરીકે નિવૃત્ત થઈ, છતાં તે એક શક્તિશાળી પ્રભાવક છે. તેણે ટાઈમ મેગેઝિન અને ફોર્બ્સની વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં ઘણી વખત તેનું નામ સામેલ કર્યું છે.

# ઇતિહાસ શાક્ષી છે

આજ કાલ હિન્દૂ ધર્મ માટે જુદા જુદા માણસો જુદી જુદી વ્યાખ્યાઓ આપવા બેસી ગયા છે. પણ સામાન્ય રીતે લોકોને મૉટે ભાગે પવિત્ર ગ્રથો જેવાકે રામાયણ, મહાભારત ને એક જીવનનમાં મદદ રૂપી આધ્યાત્મિક જ્ઞાન શોધવા માટે આધાર લે છે. પણ આજકાલ ઘણા એવા ધાર્મિક ગુરુઓ છે જેમનો એક હાથ રાજકારણ અને બીજો વેપારીઓના ગજવામાં હોય છે તે હિન્દુત્વ રાજકારણને ધર્મનો ચોળો પહેરાવી જનતાને સમજાવે છે. આમ જોવા અજાવ તો રામાયણ માંથી એક રાજાના સંસ્કાર, જેને રાજ્યધર્મ કહેવાય તેની કથા જોવા મળશે. રાજારામે શબરીના એઠા બોર ખાધા પણ આપણે તો હજુ પણ ઉજળી અને ઉંચી કોમ અને નીચલી કોમના ચાકરમાં માનવતાના મૂળ સિદ્ધાંતો પણ ભૂલી ગયા લાગીએ છીએ.

એક બાજુ ડો બાબાસાહેબ આંબેડકર ના વખાણ કરતા થાકતા નથી અને બીજી બાજુ તેમની નેતાગીરી હેઠળ લખાયેલા સેક્યુલર બંધારણ ને જેમ તેમકરી વિખેરી નાખવાના પ્રયત્નોમાં સાથ આપી રહ્યા છીએ. રાજા રામે ગાદી છોડી વનવાસ કર્યો અને ભાઈ ભારતે તેમની પાદુકાઓને રાજ્ય ગાદી ઉપર મૂકી તેમની ગેરહાજરીમાં રાજ્ય ચલાવ્યું હતું. પ્રભુ શ્રીરામજીની પાદુકાઓ નો મૂળ હેતુ હતો કે આ પાદુકાઓ રાજ્યધર્મની પ્રતીક હતી જેમાં ન્યાય,સત્ય અને જનહિતના મૂળ સિદ્ધાંતો ઉપર ઈશારો હતો. આજના પોતાની જાતને દૈવી અવતાર શ્રીરામ સ્વારૂપ ગુણ સંપન્ન માનવનારા નેતાઓ ધાર્મિક સાધુઓનો ચોળો પેહરી સત્તાની ખુરસી ટકાવી રાખવા આમાંના કોઈપણ વ્યક્તિગત કે રાજધર્મના સંસ્કારો નું આચરણ કરવાની ક્ષમતા ધરાવતા હોય તેમ લગતા નથી.

શ્રીરામે વનવાસ દરમ્યાન સાદાઈ થી સમય કાઢ્યો હતો, જયારે આપણા આ આધુનિક રામરાજયમાં તો શ્રી રામજી સ્વારૂપ મહારાજ:ધિરાજ તો રોજના પાંચ કે છ વાર બ્રાન્ડ વાળા વેશભૂષણ બદલેછે અને લગભગ સાત વર્ષોમાં પાંચ મોઘામાની પરદેશની મોટર કરો બદલે છે. ગરીબોના મહેનતના ટેક્સ ના કરોડો રૂપિયા પોતાની વાહવાહી ની જાહેર ખબરોમાં વેડફે છે જયારે લાખો યુવાનિયા ડિગ્રી હોવા છતાં નોકરીઓ વગર ભટકે છે. પણ કોઈની પ્રશ્ન કરવાની હિંમત પણ નથી થતી. આ છે આપણા હિન્દૂ ધર્મની કળયુગ ની દશા.

હિન્દૂધર્મ ની વ્યાખ્યા જ બદલવાનો અધિકાર હિન્દુત્વવાદી રાજકીય ઠેકેદારોએ ઝૂંટવી લીધો છે. હિન્દૂ ધર્મ ખતરામાં છે ની બીક થી ડરાવી હિંદુઓને દ્વેષી, ડરપોક અને એક જાતના આતંકવાદ ફેલાવનારા ગુલામો બનાવી સત્તા કેવી રીતે ટકાવી રખાય તેના દાવપેચના ભાગીદારો બનાવી દીધા છે. હિન્દૂ જુવાન વર્ગને હિંસા અને અનીતિના માર્ગે એક જૂઠા રાજકીય પ્રચાર ના ભોગ બનાવાયા છે.

ભલે કોઈને ખોટું લાગે પણ હિન્દૂ ધર્મની વ્યાખ્યા તો ગીતાજી માં ભગવાન શ્રી કૃષ્ણે ખુબ સુંદર રીતે કહી છે. આ સરખી રીતે સમજનારને સાચો હિન્દૂ ધર્મનો અર્થ અને હિન્દૂ ધર્મનો રાજકીય સત્તા માટે આ હિન્દુત્વવાદી થકી કરતો હિન્દુત્વનો ઉપયોગ વચ્ચે નો ફેર સમજ આવશે. હિન્દુત્વ એ એક રાજકીય શબ્દ ૧૯૨૦ દરમયાન ગોલવલકર અને સાવરકર જેવા કોમવાદી રાજકીય માણસોએ કરેલો. તેમની ટુ નેશન થિયોરી ના પાપે જ ભારતના ભાગલાના કરવાના બીજ નખાયા હતા. અને અંગ્રેજોને બહાનું મળેલું. જયારે ૧૯૪૮સ્છ આઝાદી મળી ત્યારે લોકોએ કોંગ્રેસ પક્ષને ખુબજ બહુમતીથી જીતાડી દીધી હતી.

આ હિન્દુત્વના નામની રાજનીતિ ને કોઈએ ભાવ પૂછ્યો ન હતો. ઇતિહાસમાં સમયની ઘણી કિંમત છે. ૧૯૨૦ થી ૧૯૪૦ સુધીમાં જર્મનીમાં નાઝી રાજકીય પક્ષ અને હિટલરનો ઉદય અને રાજ્ય રહ્યું હતું. આ હિટલર ની માન્યતા હતી કે જે આર્યન કોમ-જાતિ જે તેની દ્રષ્ટિએ સફેદ ચામડી, સોનેરી વાળ અને મંજરી આંખો વાળા અને ૬ફુટ ઉંચા લોકોનેજ સુપ્રીમ કોમ હતી કે જે સત્તાને માટે લાયક હતી.

અને તેથીજ તેણે યહૂદીઓ અને બીજી લાગુ કોમ અને અપંગ અને રોગી લોકીને પોતાનો નિશાનો બનાવી લોકોને તેની વિરુદ્ધ ઉષ્કેરી સત્તા હાસિલ કરી હતી. કરોડો લોકોને કેમ્પોમાં પુરી અને માનવ સંહાર માં મારી નાખ્યા હતા અને આ આર્યન કોમ ને વિશ્વગુરુ બનાવવાના ગાંડપણ માં જર્મનીના બેહાલ કરી નાખ્યા હતા.

આ એટલેમાટે મહત્વનું છે કે ગોલવલકર અને સાવરકર ને હિટલરના વિચારો અને નીતિ માટે ખુબજ માન હતું. ગોલવલકરે તો તેની પુસ્તકમાં એટલે સુધી લખ્યું છે કે જર્મનીએ આપણને સારો રસ્તો દેખાડ્યો છે. તેમના બીજીકોમ માટેના વિચારો અને હિન્દુત્વ વિચારધારા આ હિટલર ની માનસિકતા સાથે ખાસી એવી સમાનતા બેસતીએ આવતી લાગે છે. અને આ હિન્દુત્વ ની વિચારધારા ને જો એમ કહીએ કે તે થોડા ઘણા તો હિટલરના વિચારો માંથી કોપી કરાયાહોય તેમ લાગે છે તો ખોટું ના જ કહેવાય! પરંતુ આજના હિંદુઓને આ ૧૯૨૦ થી ૧૯૪૫ સુધીના ઇતિહાસ થી આ હિંદુત્વવાદી નાગપુરથી આવતા પ્રચારકો લોકોને અંધારામાં રાખે છે. આ હિંદુત્વવાદીઓએ આઝાદીની લઢાઈદરમ્યાન ગાંધીજી વિરિદ્ધ અંગ્રેજોને સાથ આપ્યો હતો. અને આજના હિંદુઓને નહેરુ, ગાંધી, મુસ્લિમ રાજાઓ અને અંગ્રેજોએ ભારતને લુંટ્યાની વાતોમાં કામે લગાડી રાખે છે. હવે થોડું સમજ આવે છે? કે ગાંધીજીને આઝાદી પછી કેમ મારી નાખવામાં આવ્યા હતા? અને આવા લોકોને આ આતંગવાદી-ખૂની ગોડસેને કેમ આટલું મહત્વ આપેછે ?

હવે શ્રી કૃષ્ણ મુજબ હિન્દૂ ધર્મની વાત કરીએ. શ્રી કૃષ્ણના મુજબ, પ્રભુ કહે છે કે હું સર્વવ્યાપી છું. હું તારા આત્મામાં વાસુ છું. અહીજ તારું કુરીક્ષેત્ર (CONSCIOUS) છે જેમાં દરેક પાળે સત્ય અને અસત્ય ની વચ્ચે, સારા ખોટાની એક યુદ્ધ ચાલતું હોય છે. આ યુદ્ધ એક માનમંથન છે. જેમાંથી જો તું સત્ય અને માનવતા ને માર્ગે જીતીશ તો તારા કર્મ પાંડવો જેવાજ જ હશે. અને મારી દષ્ટિએ અહીથીજ તો મારી પાસે પોહ્ચવા ની સિડી ના પેહલા પગથીએ પગ મુકીશ. અને આને જ ખરેખર હિન્દૂ ધર્મની વ્યાખ્યા કહેવાય.

હિન્દૂ એક ધાર્મિક વ્યક્તિગત ખ્યાલ-CONCEPT છે જેમાં સત્ય અને અસત્ય નું મનમંથનથી દરેક ક્ષણે સમાધાન કરાય છે અને પછી કર્મમાં પરિણામે છે. આને જ જો જીવન માં ઉતારી શકાય તો તમારા ધર્મ ને કોઈ આંચ આવાની નથી. સત્તાની લાલચો, બીજા લોકો ઉપર કંટોરલ અને બીજા ધર્મઉપર દ્વેષ અને વેર ઝેર વૃત્તિ રાખશો તો ડરમાં,ભય અને ગુસ્સામાં જીવશો અને પોતાનો હિન્દૂ ધર્મને જ ભૂલી જશો. આજે આ રાજકીય બેહરૂપિયા હિન્દુત્વ-વાદીઓ સામાન્ય હિંદુઓને ડરાવી અને ધમકાવી પોતાના ફાયદા માટે રમતો રામે છે. જે હાથમાં નથી આવતો તેને દેશ ધ્રોહી, ધર્મ વિરુઢી, કે પછી પાકિસ્તાની જાસૂસ છે એવા લેબલો આપી નીચા દેખાડવા પ્રયત્નો કરે છે. અને ધારે તેને જેલમાં નાખી દેછે. પત્રકારો પણ હવે ડરીને લખેછે. માટે રાજ્ય,રાજધર્મ,રાજકારણ અને પોતાના વ્યક્તિગત ધર્મના મૂલ્યોને મીક્સઉપ થવા દેશો નહિ. અત્રે યાદ રાખવાનું કે હિટલરે ૧૯૩૩ માં એમ્પવર્મેન્ટ નો કાયદો પોતાની બહુમતીનો ઉપયોગ કરી ત્યાંની પાર્લામેન્ટ પાસે પાસ કરાવી એક હથ્થું સત્તા મેળવી લીધી હતી. આ એક ઇતિહાસિક નોંધ લેવાજેવી છે.

નવા વર્ષ ની કોઈ ઈચ્છા હોય તો એ છે કે કોઈને ઇન્ડિયાના બંધારણની સાથે ચેડાં કરવા દેતા નહિ. કારણકે આથી દેશ અને ધર્મ બંને બરબાદ થઇ જશે.

બુદ્ધદેવ પંડ્યા.યુ.કે

# મોદી સરકારે દેશની જનતાને મોંઘવારીની ભેટ આપી છે.: કોંગ્રેસના પ્રવકતા ગૌરવ વલ્લભ

દહેરાદુન,તા.૩

કોંગ્રેસે મોંઘવારીને લઇ કેન્દ્રીની મોદી સરકાર પર હુમલો કર્યો છે.પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા ગૌરવ વલ્લભે કહ્યું કે મોદી સરકારે નવા વર્ષ પર જનતાને મોંધવારીની ભેટ આપી છે.ચંપ્પલ જુતા કપડાથી લઇ બિલ્કીટ કાર અને ઓટોમોબાઇલ ખરીદવાનું મોંઘી થઇ ગયું છે સીમેંટની કીમત વધવાથી મકાન બનાવવાનું મોંધુ બની જશે.

પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં પત્રાકારો સાથેની વાતચીતમાં ગૌરવ વલ્લભે કહ્યું કે મોદી સરકાર મોંધવારીની પર્યાપ્ત છે.નવેમ્બરમાં હોલસેલ પ્રાઇજ ઇંડેકસ ૧૪.૨૩ ટકાની સાથે ગત ૧૦ વર્ષોમાં સૌથી વધુ રહ્યું. નવા વર્ષમાં તેનો પ્રભાવ તાકિદે થવા લાગશે.દૈનિક ગ્રાહકોથી લઇ સુખ સમૃધ્ધિની તમામ વસ્તુ મોંધું થનાર છે. કોંગ્રેસ અને કોંગ્રેસ શાસિત રાજયોના વિરોધ અને પાંચ રાજયોમાં ચુંટણીને જોઇ કેન્દ્ર સરકારે જીએસટી વધારી મોંધવામાં વધારો ૨૮ ફેબ્રુઆરી સુધી ટાળી દીધો ચુંટણીને કારણે આ એક મહીનો વધુ વધારી શકે છે. નવા વર્ષમાં એટીએમથી પોતાના જ પૈસા કાઢવા માટે વધુ કર આપવો પડશે મફત ટ્રાંજેકશનની સીમા પુરી થયા બાદ બેંક ગ્રાહકોથી પ્રતિ ટ્રાંજેકશન ૨૧ રૂપિયા શુલ્કની વસુલી કરશે તેમણે દાવો કર્યો કે કોંગ્રેસની યુપીએ સરકારે સામાન્ય જનતાના હિતને ધ્યાનમાં રાખી મોંધવારી નિયંત્રિત કરી રાખી

આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ ચુંટણી અભિયાન સમિતિના અધ્યક્ષ હરીશ રાવતે કહ્યું કે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનવા પર એક પેકેજના રૂપમાં જનતાને મોંધવારીથી રાહત આપવામાં આવશે તેમાં વિજળી પાણીના શુલ્કમાં રાહત આપવાની સાથે જ રસોઇ ગેસ પર પ્રતિ પરિવાર ૨૦૦ રૂપિયાની સબસીડી આપવામાં આવશે વૃધ્ધ અને ગર્ભવતી મહિલાઓને આયોડીનયુકત નમક આપવાની યોજનાને બીજીવાર શરૂ કરવા અને કેટલીક ખાદ્ય વસ્તુઓને રાશનની દુકાનોના દાયરામાં લાવવા માટે પગલા ઉઠાવવામાં આવશે તેમણે કહ્યું કે કોંગ્રેસ કાર્યકર્તા મોંધવારી ઘટાવો,ભાજપ હરાવોના સુત્ર વાળા બિલ્લા લગાવશે આચારસંહિતા લાગુ થવા સુધી વિવિધ મુદ્દાને લઇ બિલ્લા લગાવવાનો સિલસિલો ચાલુ રહેશે

## એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૫૧ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૮૦ પોઈન્ટની મૂવમેન્ટ: કોટન, મેન્થા તેલમાં સુધારો: રબરમાં નરમાઈ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૯૨,૬૫૧ સોદાઓમાં કુલ રૂ.૭,૨૯૫.૬૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૫૧ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૮૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૧,૩૯૭ સોદાઓમાં કુલ રૂ.૨,૭૯૦.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૧૩૦ અને નીચામાં રૂ.૪૭,૯૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮ વધી રૂ.૪૮,૧૦૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮ વધી રૂ.૩૮,૬૩૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૪,૮૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૪૬૫ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૩૮ અને નીચામાં રૂ.૬૨,૧૯૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૭ ઘટી રૂ.૬૨,૫૧૩ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૦૩ ઘટી રૂ.૬૨,૭૮૯ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૪ ઘટી રૂ.૬૨,૭૯૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં ૫,૫૧૯ સોદાઓમાં રૂ.૧,૦૨૮.૨૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ વધી રૂ.૨૨૬.૩૫ અને જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૨૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૭૪૯.૩૦ અને નિકલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૪ વધી રૂ.૧,૫૭૨.૦૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૧૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૧,૨૪૦ સોદાઓમાં કુલ રૂ.૧,૩૨૩.૦૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૬૩૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૬૮૦ અને નીચામાં રૂ.૫,૬૨૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૩ વધી રૂ.૫,૬૫૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૫૦ વધી રૂ.૨૮૦.૦૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૧૯૫ સોદાઓમાં રૂ.૨૦૯.૫૧ કરોડનાં કામકાજ થયા હતા. રબર જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૦૦૦ અને નીચામાં રૂ.૧૬,૭૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨ ઘટી રૂ.૧૬,૮૭૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૯.૪૦ વધી રૂ.૧૦૩૫.૧૦ અને કોટન જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૪૩૦ વધી રૂ.૩૪,૫૯૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૮,૦૪૨ સોદાઓમાં રૂ.૧,૩૭૪.૬૮ કરોડનાં ૨,૮૫૯.૫૧૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૩,૩૫૫ સોદાઓમાં કુલ રૂ.૧,૪૧૫.૫૩ કરોડનાં ૨૨૬.૩૬૪ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૬૩.૬૫ કરોડનાં ૨,૮૧૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૧૮૨.૩૪ કરોડનાં ૬,૩૨૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૫૧૬.૧૮ કરોડનાં ૬,૮૯૫.૦૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૨૩૧.૬૧ કરોડનાં ૧,૪૭૪.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૩૪.૪૨ કરોડનાં ૧,૮૪૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૮,૬૬૧ સોદાઓમાં રૂ.૬૮૬.૪૩ કરોડનાં ૧૨,૧૩,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૨,૫૭૯ સોદાઓમાં રૂ.૬૩૬.૫૭ કરોડનાં ૨,૨૯,૬૩,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૭૨૯ સોદાઓમાં રૂ.૧૯૦.૬૯ કરોડનાં ૫૫૨૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૫૦ સોદાઓમાં રૂ.૧૮.૫૫ કરોડનાં ૧૮૧.૦૮ ટન, રબરના વાયદાઓમાં ૧૬ સોદાઓમાં રૂ.૦.૨૭ કરોડનાં ૧૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૧૭૫.૯૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૭૫.૮૯૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૧,૨૫૦ ટન, જસત વાયદામાં ૯,૯૩૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૯૭૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૭૮૧.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૨,૭૬૦ ટન, ક્રૂડ તેલમાં ૮,૨૦,૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૭૧,૧૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૮૫૫૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૫૭.૮૪ ટન, રબરમાં ૭૨ ટન, સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૬૪૯ સોદાઓમાં રૂ.૫૧.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૩૨૮ સોદાઓમાં રૂ.૨૫.૧૨ કરોડનાં ૩૫૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૨૪૦ સોદાઓમાં રૂ.૨૦.૮૨ કરોડનાં ૨૪૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૪૬૮ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૧૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૪,૧૪૬ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૭૩ અને નીચામાં ૧૪,૧૨૨ના સ્તરને સ્પર્શી, ૫૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે પોઈન્ટ કોઈ ફેરફાર વગર ૧૪,૧૬૭ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૭,૨૯૫ના સ્તરે ખૂલી, ૮૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૯ પોઈન્ટ વધી ૧૭,૩૬૧ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૧,૬૫૧ સોદાઓમાં રૂ.૧,૮૯૩.૧૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૧.૩૪ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪.૫૪ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૦૬.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ













**NOG.SS.NO. 0097**

**વિષય: વિતેલા વર્ષની ખાટી મીઠી યાદો**

**શીર્ષક : સિક્કા ની બે બાજુ**

૨૦૨૧નું વર્ષ પુરુ થયું. દરેક સવારનું સૂર્ય કિરણ નવી આશાઓ લઈને આવતું હોય છે.

વીતેલા વર્ષ નું મૂલયાંકન જરુરી છે જ. ૨૦૧૬ ની સાલમાં "ગીતા સ્પર્શ "પુસ્તક પ્રકાશિત કર્યું. અને આખા પુસ્તક નો સાર એક જ શબ્દ માં મળી ગયો.—"સ્થિત પ્રજ્ઞતા"—ગત વરસની શરુઆત ખુબ સરસ રહી. મારી યુટયુબ ચેનલ પર જુદા જુદા વિષયો પર સરસ વિડીયો મૂક્યા. દિવસ પછી રાત્રી આવેજ છે. મધ્યથી જ સામાજીક પ્રશ્નોની ઘટમાળ શરુ થઈ

પેલો" સ્થિત પ્રજ્ઞતા" શબ્દ વહારે આવ્યો. મક્કમ મનોબળ સાથે પરિસ્થિતિ સંભાળી. એપ્રિલમાં તો ભૂકંપ જ

આવ્યો. જીવન સાથીની દૈહિક વિદાય. નજીકના સગા સંબંધીઓ પણ આગલું પાછલું બધું ભૂલી દૂર રહ્યા

અને લોક ડાઉનના નેજા હેઠળ બીજા પ્રસંગો મહાલતા રહ્યા.

ખેર! એક વાત ચોક્કસ જ સ્પર્શી ગઈ.

ફક્ત ચાર જ મહિનાના પરિચયમાં આપણા સંચાલક શ્રી પ્રદીપ ભાઈ ઘરે મળવા આવ્યા. જે હું નજીકના સગા પાસેથી ન મેળવી શકી એ ખોટ એમણે પુરી કરી. હું હંમેશ એમની આભારી અને ઋણી રહીશ. ખુબ મક્કમતાથી બધું સંભાળી રહી છું. વરષાંતે દીકરા પાસે ઓસટ્રેલિયા આવવાની તક મળી. એ જવાબદારી

પણ સારી રીતે નિભાવી રહી છું. ગીતાનું પુસ્તક ફક્ત લખ્યું જ નથી પણ જીવન માં ઉતારીને જીવન સાર્થક

કર્યું. અને ઉદાહરણરુપ જીવન જીવયાનો સંતોષ છે.

**વર્ષાબેન દેસાઈ એડવોકેટ વડોદરા**

---

**NOG SS NO - 0050.**

**વિષય - વિતેલા વર્ષની ખાટીમીઠી યાદો.**

**શીર્ષક - યાદે વાગોળુ.**

નવા વષેનો શુકનનો સૂર્યોદય ઉગેને તો સારું. ગયેલાં વર્ષથી ખાટીમીઠી યાદો વાગોળતું વિતેલા વર્ષમાં પ્રારંભથી જ મંદીના ઓછાયા હતાં. સાથે કોરોનાં નામનો રાક્ષસ છે ખૂબ જ લોહી પીધું સર્વનું. આકાશનાં તારામંડળ પ્રકાશનું કિરણ ફેલાવે છે. તેમ પ્રભુ સર્વના ઘરમાં એક પ્રકાશ નું પુંજ બનજો. નવાં વર્ષનો સૂર્યોદય જીવનમાં પોઝીટીવ એનર્જીનો ધોધ વહેતો કરજે પ્રભુ. પોઝીટીવ એનર્જીનો સંચાર થી માનવને તેણે નક્કી કરેલાં લક્ષ્યાંક, સફળતા સુધી લઇ જજે.

કોરોનાને લીધે કેટલાકએ પોતાનાં સ્વજનો ગુમાવ્યાં. તો કેટલાક સાજા થઈને ઘરે પણ આવ્યાં. જાણે ઈડરનો ગઢ જીતી ને આવ્યાં. એનાં જેવો એમનો વિતેલા વર્ષમાં મંદી હતી? માત્ર ભારતની જ નહિ પણ વૈશ્વિક ઇકોનોમિક આર્થિક ભીંસમાં હતી. વીતેલાં વર્ષની તકલીફો જોઈ ગઈ રાતે સૂર્યાસ્ત થયો. પણ આવતી કાલનો સૂર્યોદય તકલીફોનો સામનો કરવાન સફળતા આપે. શિખર સર કરવા જેવો, લાગે અહીં જરૂરી છે જુસ્સાની ઈમાનદારીની ,આયોજનની નવા વર્ષના નવા આયોજન કરી પોઝીટીવ વર્ષ નાં નવાં આયોજન કરીશું .પોઝીટીવ થિકીગ કરીશું તો પોતે હાલકડોલક થતાં બચી જઈશું.

નવાં વર્ષની જેમ ઘરની સાફ-સફાઈ કરીને તેમનાં નવાં વરસે મહેમાનો સાથે ઉજવણી કરીએ. પણ ઇકોનોમિકનો કચરો અને નેગેટિવ એનર્જી દૂર કરીએ. સૌ વિકાસની દિશામાં આગળ વધીએ માત્ર ઉપચાર ભાવનગર અહીં ઊંચા ભાવ નહી. વિકાસ સાધે એવું નથી. ખર્ચ કરતાં આવક વધારે અને આયાત કરતા નિકાસ વધારે હોય તો વૈશ્વિક બજાર રૂપિયાની કિંમત વધે. વિકાસ માટે સહિયારા પ્રયાસ કરવાં જોઈએ. નવાં સંકલ્પ કરીએ સૌના હિતનો વિચાર પોઝીટીવ એનર્જી કહેવાય. સૌની મનોકામના પૂર્ણ થાય ખાટી-મીઠી યાદો સાથે.

જે માણસ પોતાનાં વિચાર બદલી શકેએ વિચાર કરવાની શક્તિ પણ હોય જ છે.

આવનારું વર્ષ બધાં માટે સારું નીવડે ખુશ રહો સુખી રહો એકબીજા સાથે હસતાં ખીલતાં રહો એવી શુભકામના.

**રાગીની શુક્લ "રાગ" મુંબઈ**

---

**NOG SS 2022 No : 107**

**પ્રથમ લેખ : ૨૦૨૨**

**પ્રકાર : ગદ્ય**

**વિષય : ૨૦૨૧ ની ખાટી મીઠી યાદો**

આજ 31Dec ૨૦૨૧ ની રાત , અંગ્રેજી કેલન્ડર મુજબ વર્ષ ની છેલ્લી રાત , અને હું જોતા જોતા માં વિચારે ચડી ગઈ કે covid સાથે એક વર્ષ વિતી ય ગયું , સૂવાની તૈયારી કરતી હતી ...મારા ઘેર દર 31Dec ની રાતે મહા મૃયુંજય ના જાપ અમે મિત્રો સાથે બેસી ને સાથે કરીએ , દુનિયા આખી શરાબ અને શબાબ સાથે જુમતી હોય ત્યારે એક નાનો પ્રયાસ આપડી સંસ્કૃતિ ને બચાવાનો ... પાછલા એક વર્ષ માં ઘણા નજીક ના સગા સંબંધી , મિત્રો કોરોના માં જતાં રહ્યાં ...જેની સાથે બાળપણ ની યાદ હતી અથવા ક્ષણિક મુલાકાત ની ઓળખાણ હતી , એ બધા ને જો યાદ કરવા લાગી તો આંખો સજળ થઈ આવી, મનોમન શ્રદ્ધાજંલી નિકળી ગઈ , અને સાથે ઈશ્વર નો આભાર વ્યક્ત પણ કર્યો કે આ કપરા કાળ માં મને અને મારું કુટુંબ ને સહી સલામત રાખ્યા .

૨૦૨૧ ના બીજા લોક ડાઉન થી આર્થિક કટોકટી જાહેર જનતા ને લાગી હતી , પણ એક ફાયદો એ પણ થયો કે પરિવાર માં દરેક જણ ને પૈસા ની કિંમત સમજાઈ. મેં પોતે તો મારી દીકરી સાથે ઘણો સારો સમય પસાર કર્યો સાથે મારું વર્ષો જૂનું સપનું સાકાર કરવાનો નિર્ધાર કર્યો ...સપનું હતું Biggest beauty pageant of India માં ભાગ લેવો ને તાજપોશી થવી . આ સપનું એક તાજ સાથે નહિ પરંતુ ૩ તાજ પોશી સાથે પૂરું કર્યું , રજીસ્ટ્રેશન થી લઇ ને તાજપોશી સુધી પહોંચવા માં આવતી દરેક તકલીફો દૂર કરી ,જે શરીરક , માનસિક , આર્થિક પણ હતી , પણ છેલ્લે બધું સમુ સુત્રું પાર પાડ્યું અને નિરાંત થઈ.

**હિનલ શાહ. જૈન, મુંબઈ.**

---

**NOG S.S.N0 0098**

विषय:- बीते वर्ष की खट्टी-मीठी यादें।

प्रकार:- गद्य

शीर्षक:- खट्टी-मीठी यादें।

बीते वर्ष की खट्टी-मीठी यादों की बात की जाए तो दोस्तों खट्टी यादों से शुरुआत करती हूं। देश में व्याप्त कोरोना महामारी में आम लोगों की तरह मैंने भी अपने अनुज भाई व रिश्तेदारों को खोया। परिवार सहित मैं भी इस कोरोना की चपेट में थी। काफी जद्दोजहद के बाद सम्पूर्ण परिवार स्वस्थ हुआ। स्वस्थ होने के बाद मैंने अपनी दिनचर्या में कुछ बदलाव किया। जब भी घर से बाहर निकलना होता है, तो जरुरतमंदो में मास्क का वितरण अवश्य करती हूं। ईश्वर से प्रार्थना करती हूं कि ईश्वर सबको स्वस्थता प्रदान करे।

अब बात करते हैं बीते वर्ष की मीठी यादों की। दोस्तों इन यादों को विस्तार से बताना पसंद करुंगी। प्रदीप रावल जी से मेरी मुलाकात (रुबरु नहीं) फोन पर एक"ब्राह्मण ग्रुप" के माध्यम से हुई, जिसमें वे अपना दैनिक अखबार की कृति प्रेषित करते थे,जिसकी मैं नियमित पाठिका बन गई थी।U.P. के "समाचार प्राइम 24"चैनल (हिंदी) में मैं पत्रकारिता के क्षेत्र से जुड़ी। जो कि मेरे लिए नया कार्य क्षेत्र था।उस वक्त मैंने प्रदीप जी से मदद मांगी। प्रदीप जी ने मेरा मार्गदर्शन किया। उनके मार्गदर्शन के अनुसार मैंने कार्य किया, जिससे मुझे मेरे कार्य के प्रति समाज से अवार्ड मिला। मैं प्रदीप जी की सदैव आभारी रहूंगी। इसके अलावा सामाजिक अन्य कार्यों के प्रति समाज से नारी प्रतिभा सम्मान व अन्य अवार्ड ,मान सम्मान प्राप्त हुआ।

S.S.Grup में शामिल होने के वक्त मैं काफी नर्वस थी। क्योंकि इस ग्रुप मंबड़ बड़ साहित्यकारा व प्रतिभाशाली लोग हैं, जिनके समक्ष "सूर्य के आगे दीया दिखाने "वाली स्थिति है बहुत से रचनाकारों की। और मेरी भी।ऐसी महान हस्तियों द्वारा जब मेरी रचनाओं को "गुलाब" का सम्मान मिला,तो मेरी खुशी का ठिकाना नहीं रहा। "गुलाब" का सम्मान मेरे लिए किसी अवार्ड से कम न था। मेरे मनोबल में वृद्धि हुई। मेरी रचनाओं का स्तर बढ़ने लगा।

साहित्यकारों द्वारा ग्रुप में निस्वार्थ रुप से ग्रुप का संचालन करना, रचनाकारों का मार्ग दर्शन करना, रचनाओं को पढ़कर भावों की अभिव्यक्ति देना, रचनाकारों को अपने स्तर पर देखने का बीड़ा उठाना, उनकेमनोबल में वृद्धि करना ,ये सब महान हस्तियों के बड़प्पन को दर्शाता है। ऐसी महान हस्तियों के बीच रहकर मैं अपने आप को गौरवान्वित महसूस करती हूं।

सभी महान हस्तियों (साहित्यकारों) को मेरा नमन। 🙏

(तो दोस्तों ये हैं बीते वर्ष की खट्टी-मीठी यादें.......)

अंग्रेजी नववर्ष की आप सभी को बहुत बहुत शुभकामनाएं।

✍️

लीना शर्मा

हालोल।

3:53 PM

---

## બાળગીત....

....ચાડિયો...
ચાડિયો ઊભો રે ભૈ મારા ખેતરમાં,
રખેવાળી કરતો રે ભૈ મારા ખેતરમાં.
...ચાડિયો ઊભો રે..
માટલાનું માથું ને લાકડીના હાથ છે,
કાળો છે ઝભ્ભો રે લેંઘાની સાથ છે.
...ચાડિયો ઊભો રે..
પંખીડાં તો એની પાસ ના આવે,
દૂરથી જોઈને એ સૌને ભગાવે.
ચાડિયો ઊભો રે...
મુંગો મંતર થૈ ઊભો એ રહેતો,
ઠંડી,ગરમી ને વરસાદ એ સહેતો.
..ચાડિયો ઊભો રે...
ન હાલે કે ચાલે ,સ્થિર એ રહેતો.
હરણાં જોઈ એ ખુબ હરખાતો.
...ચાડિયો ઊભો રે..દ



**મનુભાઈ પટેલ...**
**અમદાવાદ**

## ના જઈશ.

આમ અધૂરાં સપનાઓને જગાડવા ના જઈશ,
મંદિરમાં હવે એકલી તું મસ્તક નમાવા ના જઈશ.
કહો કોની પૂજા સફળ થઈ ને કોની નિષ્ફળ થઈ?
ઘરમાં કરી કંકાસ તું, ભગવાન મનાવા ના જઈશ.
એમના ×ના× જવાબથી તો કોણ ડરે છે હવે?
પણ જોર જબરજસ્તી તું હા પડાવા ના જઈશ.
અહીં ભગવાન ભરોસે મૂકી દીધું છે અમે બધું,
એટલે એમને હવે તું લાંચ આપવા ના જઈશ.
કૈંક કેટલાંય ના આસું લુછ્યા છે અમે તો હવે,
પણ આસુતોષ માટે તું રૂમાલ ખરીદવા ના જઈશ.



**આસુતોષ દવે.**
**શબ્દ પરિક્રમણ**
**(અમદાવાદ)**

હોય ભલે ને સ્મશાન ની સેજ પથારી
સુખેથી સૂવુ માથે જો પાલવ તારો હોય
ભડ ભડ સળગતી ચિતા મા ભલે બળે
દીલ મારુ એમા જો યાદો તારી હોય
ભલે હોય લાકડા સુખડ ના અગ્ન ગમે તે
પણ તેમા સુવાસ જો તારી હોય
જીવન સાર્થક હશે ત્યારે કે બળે શરીર
મારુ ને નિકલે આત્મા તે તારો હોય
બળતી ચિતા ઠંડી થાસે ત્યારે કે મારા
અસ્થી પર વહેતા આંસુ જો તારા હોય
કેમ જાઉ તને છોડીને આ દુનિયા મા
એકલી આત્મા સાથે જો તારો હોય ,



**નલિન નિર્મળ**
**નિર્મળ**
**(જૂનાગઢ)**

જો આત્મસન્માન ઘવાય તો ઊભા થઈ જવાનું,
માનસન્માન ન જળવાય તો, ઊભા થઈ જવાનું.
જરૂર નથી કે, બધા ભેટે ભાવુક થઈ, ભીની આંખે,
પણ આંખ મળે,ને અવળું ફરે,તો ઊભા થઈ જવાનું.
સમાધાન એટલે, શરણાગતિ છે ,એવું કોણે કહ્યું ?
જો સંધી સુલેહ ભંગ થાય,તો ઊભા થઈ જવાનું.
સમસમી ને નહિ બેસી રહેવાનું સહુની વચ્ચે કદી,
કોઈ ઔકાત બતાવી જાય, તો ઊભા થઈ જવાનું.
ખતમ કરી નાખી જિંદગી , પણ ખૂટલ થયા નથી કદી,
પણ સરેઆમ આંગળી ચિંધાય , તો ઊભા થઈ જવાનું.
સામે રાવણ હોય તોય શું , નહિ પાછા કદી પાડવાનું !
એ લક્ષ્મણ રેખા ઓળંગી જાય, તો ઊભા થઈ જવાનું.



**વિનોદ સોલંકી 'મિત્ર '(અમદાવાદ)**

---

### "ગુરુના વ્યક્તિત્વની ઊંચાઈ એવરેસ્ટ જેટલી હોવી જોઈએ" જૈનાચાર્ય જિનપ્રેમવિજયજી

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પ્રખર રાષ્ટ્રવાદી સંત જિનપ્રેમવિજયજી ગુરુની લાક્ષણિકતા વિશે પ્રવચન આપ્યું

પ્રખર રાષ્ટ્રવાદી તથા સંસ્કૃતિપ્રેમી, શિક્ષણપ્રેમી જૈનાચાર્ય પૂજ્ય જિનપ્રેમવિજયજી મહારાજે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૩૧મી ડિસેમ્બરે પધરામણી કરી હતી. યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ તેઓનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. જૈનાચાર્ય પૂજ્ય જિનપ્રેમવિજયજીએ યુનિવર્સિટીમાં ગુરુ કેવો હોવો જોઈએ તે વિશે પ્રેરણાત્મક પ્રવચન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓના મૂલ્યનિષ્ઠ ઘડતર માટે ગુરુજનોને આહવાન કર્યું તેમજ તેજસ્વી ભાવિ પેઢીના નિર્માણમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવી હતી. જૈનાચાર્ય પૂજ્ય જિનપ્રેમવિજયજી મહારાજે ગુરુત્વની ચાર લાક્ષણિકતા દર્શાવી હતી. તેઓએ કહ્યું હતું કે, ગુરુના જ્ઞાન અને ચારિત્ર્ય અને તેના વ્યક્તિત્વની ઊંચાઈ એવરેસ્ટ જેટલી હોવી જોઈએ. ગુરુની પહોળાઈ આકાશ જેટલી વિશાળ



હોવી જોઈએ. તેના જ્ઞાન અને વ્યક્તિત્વની ઊંડાઈ સાગર જેટલી ઊંડી હોવી જોઈએ. જ્યારે ગુરુની લંબાઈ સમય જેટલી અનંત હોવી જોઈએ. તેઓએ મૂલ્યનિષ્ઠ ઘડતર કેવી રીતે કરી શકાય તે મનનીય રીતે સમજાવીને નવી પેઢીને સંસ્કારલક્ષી શિક્ષણ આપવા માટે આહવાન કર્યું હતું. તેઓએ કહ્યું કે, વર્તમાન પાઠ્યપુસ્તકો તેમજ શિક્ષણપદ્ધતિમાં અનેક મર્યાદાઓ હોવા છતાં પણ જો ગુરુ-શિક્ષક ધારે તો બાળકોને સંસ્કારલક્ષી શિક્ષણ આપી જ શકાય છે. તેમણે કહ્યું કે, ગુરુ-શિક્ષકનું કાર્ય એક સામાન્ય નોકરી કરતાં ઘણું વિશેષ છે. ગુરુ વિદ્યાર્થીના ઘડતર થકી રાષ્ટ્રનું ઘડતર કરે છે.

પ્રવચન બાદ જૈનચાર્યજીએ સાથી જૈન સંત અને અન્યો સાથે યુનિવર્સિટીના ગર્ભસંસ્કાર કેન્દ્ર એવા તપોવન કેન્દ્ર તેમજ ટૉયલેબ તથા ટૉય લાઈબ્રેરીની પણ મુલાકાત લીધી હતી. તેઓએ ગર્ભસંસ્કાર થકી તેજસ્વી પેઢીના નિર્માણ અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી જે કામગીરી કરી રહી છે તેને બિરદાવી હતી તેમજ આ કાર્યનો વ્યાપ દેશ-વિદેશમાં ફેલાય તેવી શુભ કામના સાથે આશીર્વચન પાઠવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, પ્રખર રાષ્ટ્રવાદી અને સંસ્કૃતિપ્રેમી જૈનાચાર્ય પૂજ્ય જિનપ્રેમવિજયજી મહારાજ સાહેબે ૧૮ વર્ષની યુવા વયે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષાના પ્રારંભના વર્ષોમાં મૌનપૂર્વક અનેકવિધ ધર્મ દર્શનોના ગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો છે. વેદ, ગીતા, રામાયણ, મહાભારત, ગ્રંથસાહેબ, કુરાન, બાઈબલ વગેરે જેવા અનેક ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. પૂજયશ્રીના ક્રાંતિકારી, જ્ઞાનવર્ધક અને હૃદયસ્પર્શી પ્રવચનના માધ્યમે ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્રરક્ષા માટે યુવાનોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યા છે. પૂજ્યશ્રીએ ૪૦ વર્ષની વયે ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્રના વિવિધ વિષયો પર ૫૦૦થી વધુ પુસ્તકો લખ્યાં છે. પૂજ્યશ્રી દ્વારા લખાયેલાં રામાયણ, અષ્ટાવક્ર ગીતા, લવ યુ ડોટર, ગીતાના ટોપ ટેન ક્વોટ્સ, બિફોર યુ ગેટ એન્ગેજ, સંસ્કાર એબીસીડી, માનવતા વગેરે પુસ્તકોથી પ્રેરણા પામી સેંકડો યુવાનોના જીવનમાં પરિવર્તન આવ્યું છે અને ફેશન-વ્યસનનો ત્યાગ કર્યો છે.

---

### બિલ્ડરર્સના પુત્ર-પુત્રવધુ દારૂના નશામાં ચકનાચૂર

# શામળાજી નજીક નશામાં ધૂત બની બેફામ કાર હંકારતા પોલીસે દબોચ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અમદાવાદમાં ખ્યાતનામ પોપ્યુલર્સ બિલ્ડર્સ પરિવાર સતત વિવાદો થી ઘેરાયલો રહે છે પુત્રવધુને શારીરિક અને માનસિક ત્રાસ આપતા પુત્રવધુએ પોપ્યુલર્સ બિલ્ડર્સના પતિ અને સાસરિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવ્યા પછી પોપ્યુલર્સ બિલ્ડરર્સના સતત કારનામા બહાર આવી રહ્યા છે જાણે વિવાદ પોપ્યુલર્સ બિલ્ડરર્સ એક બીજાનો પર્યાય બની રહ્યો હોય તેમ સતત પોપ્યુલર્સ બિલ્ડરર્સ ચર્ચાના કેન્દ્ર સ્થાને રહ્યું છે ત્યારે પોપ્યુલર્સ બિલ્ડરર્સના પુત્ર અને પુત્રાવધુ રાજસ્થાનમાંથી થર્ટી ફર્સ્ટની ઉજવણી કરી નશામાં ધૂત બની લકઝુરિયસ કાર હંકારતા રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસ અને એલસીબી પોલીસે દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી નશામાં ધૂત બની કાર હંકારતો યુવક અને તેની પત્ની પોપ્યુલર્સ બિલ્ડરર્સના પુત્ર-પુત્રવધુ હોવાનું શામળાજી પોલીસે જણાવ્યું હતું રાજસ્થાનમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરી અમદાવાદના નામાંકિત પોપ્યુલર્સ બિલ્ડરર્સના પુત્ર-પુત્રવધુને દારૂના નશામાં ચકચૂર બની ગુજરાતમાં પ્રવેશ કરતા જેલની હવા ખાવાનો વારો આવ્યો છે અમદાવાદ સેટેલાઇટ વિસ્તારના પોપ્યુલર્સ પાર્કમાં રહેતા પ્રિયેશ રમણભાઈ પટેલ તેની પત્ની કોમલ પટેલ વોલ્વો કારમાં રાજસ્થાન તરફથી દારૂ ઢીંચી નશામાં ચકચૂર બની શનિવારે રાત્રે રતનપુર ચેકપોસ્ટ પરથી ગુજરાતમાં પ્રવેશતા નશામાં ચકનાચૂર બની બેફામ કાર હંકારતા થર્ટી ફર્સ્ટની ચેકિંગમાં રહેલ શામળાજી પોલીસ અને એલસીબી પોલીસે કાર અટકાવી કારમાં સવાર પ્રિયેશ પટેલ અને કોમલ પટેલને બ્રેથ એનલાઇઝર મશીન થી ચેક કરવાનું જણાવતા બંને કોરોના સંક્રમણનું બહાનું બતાવતા દંપતિ નશામાં હોવાનું જણાતા પોલીસે રાબેતા મુજબ બંનેનું મોઢું સૂંઘી તેમજ ચલાવતા પતિ-પત્ની લથ્થડીયા ખાતા આખરે શામળાજી પોલીસે બંને સામે પ્રોહિબિશન એક્ટ અને એમવી એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

---

### ૪ જાન્યુઆરી, " વિશ્વ બ્રેઈલ દિવસ"

# અંધજનોની આંખોને 'બ્રેઈલ થકી મળી પાંખો

લૂઈસ બ્રેઈલ નામના વ્યક્તિ દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફ્ટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે.

બ્રેઈલના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીના રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સના શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જ્યારે તે ફક્ત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી.

સામાન્ય વ્યક્તિ પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શક્ય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે પરંતુ જયારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યું. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# અમદાવાદ જિલ્લામાં ૧૫ થી ૧૮ વયજૂથના બાળકોના રસીકરણ અભિયાનનો પ્રારંભ

## દસક્રોઈ તાલુકાના જેતલપુર ખાતે જીલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં રસીકરણ કરવામાં આવ્યું.



સમગ્ર દેશમાં કોરોનાને ઝડપથી નિયંત્રણમાં લાવવાના ઉદેશ્યથી અને વધુને વધુ લોકોને રસીકરણથી રક્ષણ મળી રહે તે માટે આજથી સમગ્ર રાજ્યમા ૧૫ થી ૧૮ વર્ષના બાળકો માટે કોરોના વેક્સીનેશન અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકાના જેતલપુર ખાતે એમ.પી.પંડયા હાઈસ્કૂલમા ૪૩૬ કરતા વધારે બાળકોનું રસીકરણ માટે રજીસ્ટ્રેશન થયું હતું અને અમદાવાદ જીલ્લા વિકાસ અધિકારીશ્રી અનીલભાઈ ધામેલિયાની ઉપસ્થિતિમા વિધાર્થીઓનું ક્રમશઃ રસીકરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી એ જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કુલ ૧,૦૫,૫૭૮ જેટલા બાળકોને રસી આપવાનો લક્ષ્યાંક રાખવામા આવ્યો છે.અને ૧૫ થી ૧૮ ની વયજૂથના બાળકો વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવીને અથવા પોતાની શાળામાં, ગામના પ્રાથમિક અથવા સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા નજીકના કોઈપણ વેકસિનેશન સેન્ટર પર જઈને પણ રજીસ્ટ્રેશન કરાવીને નિઃશુલ્ક વેક્સિન લઈ શકશે એવુ આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

- મનીષા પ્રધાન

## કોરોના રસીકરણ “મેગા ડ્રાઇવ” થી ટીનેજર્સને “મેગા કવચ”

# ન્યુ યરના નવા સપ્તાહમાં રાજ્યના ટીનેજર્સને કોરોના રસીની ગિફ્ટ આપતા આરોગ્ય પ્રધાન




## કાળમુખા કોરોનાના પ્રતિકાર માટે ટીનેજર્સને આજે રસીનું સુરક્ષા કવચ પ્રાપ્ત થયુ- આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ

નવા વર્ષના પ્રથમ સપ્તાહમાં આજથી સમગ્ર રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષના ટીનેજર્સ માટે કોરોના રસીકરણની મેગા ડ્રાઈવનો પ્રારંભ થયો છે.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ મેડિસીટી કેમ્પસની સિવિલ હોસ્પિટલના કોરોના રસીકરણ કેન્દ્રમાં ઉપસ્થિત રહીને ટીનેજર્સ માટેના રસીકરણનો પ્રારંભ કરાવ્યો હતો.

આરોગ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ થી કોરોના રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રભરમાં સુદ્રઢ આયોજનના પગલે ૭૦ ટકાથી વધુ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ આપીને સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું છે. રાજ્યમાં પણ અંદાજિત ૯૫% નાગરિકોને કોરોનાની રસી નો પ્રથમ ડોઝ લગાવી દેવામાં આવ્યો છે.

ટીનેજર્સને કાળમુખા કોરોના સામે રસીનું અમોધ અશસ્ત્ર પ્રદાન કરાવ્યા બાદ આરોગ્ય મંત્રી શ્રી એ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં આજે ૧૫ થી ૧૮ વર્ષના અંદાજે ૩૫ લાખ બાળકો માટે કોરોના રસીકરણની મેગા ડ્રાઇવનું આયોજન કરવમાં આવ્યું છે.

આ મેગા ડ્રાઇવ અંતર્ગત રાજ્યની શાળાઓ સહિતના અન્ય વિદ્યાર્થીઓ અને ટીનેજર્સને કોરોના રસીકરણ અંતર્ગત વેક્સિનનો ડોઝ આપવામાં આવશે. ૩ થી ૯ જાન્યુઆરી સુધી ચાલનારી રાજયવ્યાપી કોરોના વેક્સિન મેગા ડ્રાઇવમાં રાજ્યનો એક પણ ટીનેજર્સ વેક્સિનના લાભ થી વંચિત ન રહી જાય તે માટેના સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

હાલ આ મહાઅભિયાન અંતર્ગત ૧૫ થી ૧૮ વયજૂથના બાળકોને હાલ કોવેક્સિનની રસીનો પ્રથમ ડોઝ આપવમાં આવશે. જે માટે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં રસીનો જથ્થો ઉપલબ્ધ કરાવવામા આવ્યો છે. રાજ્યમાં અંદાજે ૬૩૦૬થી વધુ સેન્ટરો કાર્યરત કરીને રસીકરણના સેશનનું આયોજન હાથ ધરાયું છે. ટીનેજર્સ ને કોરોના રસીકરણના પ્રારંભ પ્રસંગે સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો રાકેશ જોષી, એડિશનલ ડોક્ટર રજનીશ પટેલ સહિતના તબીબો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

## હવે હું નિર્ભિકતાથી સ્કુલ જઈશ : માન્યા પરમાર (વેક્સિનેટેડ)

# અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટીટ્યુટમાં શહેરના તરૂણોએ ઉત્સાહભેર કોરોના રસીકરણ કરાવ્યું

કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધા બાદ માન્યા પરમારે કહ્યું કે, “હવે હું નિર્ભિકપણે સ્કુલ જઈને અભ્યાસ કરીશ.” કોરોના સામે મને સુરક્ષા કવચ પ્રદાન થયું છે. વેક્સિન લેતી વખતે કે વેક્સિનેશન કરાવ્યા બાદ મને કોઇ પણ પ્રકારની પીડા કે આડઅસર વર્તાઈ નથી. વેક્સિનેસનના કારણે હવે ભય વિના હું સ્કુલ જઈને મારો અભ્યાસ કરી શકીશ. સમગ્ર રાજ્યમાં ૧૫ થી ૧૮ ની વયના તરૂણોને કોરોના સામેનું સુરક્ષા કવચ પુરૂ પાડવા રસીકરણ મેગા ડ્રાઈવનો શુભારંભ કરવામાં આવ્યો છે. આજે અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઈન્સ્ટીટ્યુટમાં શહેરના તરૂણોએ ઉત્સાહભેર કોરોનાની રસીનો ડોઝ લઈને સુરક્ષા કવચ ધારણ કર્યું હતુ. કોરોના રસીકરણ માટે આવતા બાળકોને સરળતાથી સત્વરે રસીકરણ મળી રહે તે માટેનું વ્યવસ્થાપન કિડની હોસ્પિટલ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતુ. ઓન સાઈટ રજીસ્ટ્રેશન કરીને વેક્સિન આપવાની સુવિધા પણ હોસ્પિટલ દ્વારા બાળકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

કિડની ઈન્સ્ટીટયુટના ડાયરેક્ટક ડૉ. વિનીત મિશ્રાએ રસીકરણ માટે આવેલા બાળકોનો જુસ્સો વધારીને વધુમા વધુ બાળકોને રસીકરણની મેગા ડ્રાઈવમાં જોડાવવા માટે અનુરોધ કર્યો હતો.

અમિત સિંહ ચૌહાણ

# અમદાવાદ સિવિલ મેડિસીટીની ૧૨૦૦બેડ હોસ્પિટલમાં સ્પેશિયલ રૂમોનું ઉદ્ઘાટન કરતા આરોગ્ય પ્રધાન



આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ મેડિસીટીની ૧૨૦૦ બેડ મહિલા અને બાળ આરોગ્ય સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સ્પેશિયલ રૂમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ.

૧૨૦૦ બેડમાં કાર્યરત થયેલ ૧૦ સ્પેશિયલ રૂમમાં તમામ રૂમ ઓક્સિજનની સુવિધા સાથેના છે. જેમાં જરૂર જણાયે ગણતરીની મિનીટોમાં વેન્ટિલેટરની પણ સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે પ્રકારનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. આ સ્પેશિયલ રૂમોને આઈ.સી.યુ.માં પરિવર્તિત કરી શકાય તે પ્રકારની પણ વ્યવસ્થાને હાથ ધરીને નિર્માણ કરવામાં આવ્યું છે. સરકારી હોસ્પિટલમાં કોર્પોરેટ હોસ્પિટલની સેવા-સુવિધાની પ્રતિતી કરાવતો આ અભિગમ દર્દીઓની જનસુખાકારીમાં વધારો કરશે. સારવાર દરમિયાન આકસ્મિક પરિસ્થિતિમાં અલાયદી સારવાર અથવા સ્પેશિયલ સારવારની જરૂરીયાત ધરાવતા દર્દીઓ માટે ખૂબ જ નજીવા દરે સ્પેશિયલ રૂમની સુવિધા ઉભી કરવામાં આવી છે. આગમી સમયમાં દર્દીઓની જરૂરિયાત પ્રમાણે સિવિલ કેમ્પસમાં વધુ નવા સ્પેશિયલ રૂમ આધુનિક સુવિધાઓ થી સજ્જ કાર્યરત કરવામાં આવશે તેમ આરોગ્ય મંત્રી શ્રી એ જણાવ્યું હતુ. -અમિતસિંહ ચૌહાણ

## શ્રી કમલમ કાર્યાલયમાં પૂર્વ મંત્રી રજની પટેલની ઉપસ્થિતીમાં ભીડ

# કોરોનાની ત્રીજી લહેર વચ્ચે : અરવલ્લીમાં કલમ-૧૪૪ લાગુ કરાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં ઓમીક્રોન વાયરસનું સંક્રમણ વધી રહ્યું હોવાની સાથે ગુજરાતમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું છે અને દૈનિક કેસમાં સતત વધારો થઇ રહ્યો છે.અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીમે પગલે વધી રહ્યું છે છેલ્લા સપ્તાહમાં ૫ લોકો કોરોના સંક્રમિત થયા છે જેમાં કોરોના સંક્રમિત ૪૫ વર્ષીય મહિલાને કોરોના ભરખી જતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે જીલ્લામાં કોરોના સંક્રમણ બિલ્લીપગે પગપેસારો કરી રહ્યું હોવા છતાં લોકો બેદરકાર જણાઈ રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા કલેકટર ડૉ.નરેન્દ્ર મીણાએ જાહેરનામું પ્રસિદ્ધ કરી કલમ-૧૪૪ લાગુ કરવામાં આવી છે જેમાં ૪ થી વધુ લોકોને ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવી છે ત્યારે મોડાસા ખાતે આવેલા શ્રી કમલમ કાર્યાલય ખાતે પૂર્વ મંત્રી રજની પટેલની ઉપસ્થિતિમાં બીજેપી અગ્રણીઓ અને કાર્યકરોની બેઠકમાં ભીડ ઉમટી હતી જીલ્લામાં લાગુ કરાયેલ ૧૪૪ કલમના જાહેરનામાનો છેદ ઉડી ગયો હતો ત્યારે તેમની સામે તંત્ર કાર્યવાહી કરે છે કે નહીં તે જોવું રહ્યું કે પછી જીલ્લામાં કાયદા ફક્ત સામાન્ય લોકોને લાગુ પડે છે તે ચર્ચાનો વિષય બન્યો છે શ્રી કમલમ કાર્યાલયમાં કોરોના ગાઈડલાઈનનો ભંગ કરવામાં આવ્યો હોય તેમ સ્ટેજ પર અને બેઠકમાં સોશ્યલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા

રાજ્ય સહિત અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસો વધતા જિલ્લા મેજિસ્ટ્રેટે કલમ ૧૪૪ લાગુ કરી છે. હાલની પ્રવર્તમાન કોરોના પરિસ્થિતી ધ્યાને લેતા મહામારીનું સંક્રમણ અટકાવવા તેમજ જનતા દ્વારા સભા, સરઘસ, આંદોલન, રેલીની શક્યતા હોય, આ સમય દરમ્યાન અરવલ્લી જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.નરેન્દ્ર મીણાએ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૭ જાન્યુઆરી સુધી સક્ષમ અધિકારીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે કે પછી ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્રિત થવા પર કે કોઈ સભા ભરવા પર કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે રાત્રીના સુમારે ૧૦ વાગ્યા સુધી બાગ-બગીચાઓ ખુલ્લા રહેશે જેમાં લોકોએ કોરોના ગાઇડલાઇનનું પાલન ફરજીયાત કરવાનું રહશે તેમજ લગ્ન પ્રસંગમાં ૪૦૦ અને મરણપ્રસંગમાં ૧૦૦ લોકો ભેગા થઇ શકશે પરંતુ તે માટે નોંધણી ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર કરવાની રહશે અને જાહેરનામાની શખ્ત અમલવારી કરવા તાકીદ કરવામાં આવી છે

# ચાણસ્માના ચવેલી ખાતે સો જેટલા તરુણો ને કોરોના વેક્સીન અપાઈ



(રીપોર્ટર નિખિલ જોશી.પાટણ)

સમગ્ર ભારત સહિત ગુજરાત રાજ્યમાં પણ કોરોના એ ભરડો લીધો છે ત્યારે ત્રીજી લેહર આવવાની સંભાવના હોય ભારત સરકાર સહિત ગુજરાત રાજ્યની સરકાર દ્વારા સંવેદના દાખવી નાની ઉંમરના બાળકોને પણ કોરોના વેકેશન થી વંચિત ન રહી જાય તે માટે તારીખ ૩થી તરુણ વયના બાળકોને વેક્સીન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે ત્યારે આજરોજ ચાણસ્માના ચવેલી ખાતે આવેલ મમ્મી એચ વી પટેલ હાઈસ્કૂલના પટાંગણમાં તરુણ વયના બાળકોને કોરોના વેક્સિન ના પ્રથમ ડોઝ આપવામાં આવ્યા હતા

મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ચવેલી ગામ ખાતે આવેલ એચ વી પટેલ હાઈસ્કુલ ખાતે આજરોજ ચવેલી પેટા આરોગ્ય કેન્દ્રના ડોક્ટર ધીરેનભાઈ ઠાકોરની રાહબરી નીચે પ્રથમ દિવસે જ સો જેટલા વિદ્યાર્થીઓને કોરોના વેક્સિન આપવામાં આવી હતી

આ પ્રસંગે ચવેલી પેટા આરોગ્ય કેન્દ્ર ના ડોક્ટર ધીરેન ઠાકોર, આરોગ્ય કાર્યકર અતુલભાઇ પરમાર, નર્સ બહેનો, આશાવર્કર બહેનો, તેમજ ચવેલી ગ્રામ પંચાયતના સરપંચ પ્રકાશભાઈ પટેલ, હાઈસ્કૂલના આચાર્ય મહેશભાઈ પટેલ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે વેક્સિન લેનાર વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અમને આ વ્યસન થી કોઈ જ આડઅસર થતી નથી

## ૬૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ ખડેપગે

# અરવલ્લી : ૧૫ થી ૧૮ વર્ષના ૬૪ હજાર વિદ્યાર્થીઓને કોરોના રસી આપવાનો ધમધમાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

(જય અમીન-અરવલ્લી) અરવલ્લી જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતા બાળકોને કોરોના સામે આરોગ્યનું સુરક્ષા કવચ પૂરું પાડવા માટે રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જીલ્લાના ૬૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને ૬૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ દ્વારા શૈક્ષણિક સંકુલોમાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે કોરોનાની રસીને લઈને વિદ્યાર્થીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓ પાસે ફરજીયાત પણ સંમતિ પત્રક આપવું ફરજીયાત છે વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં રજીસ્ટ્રેશન રૂમ, વેક્સિનેશન રૂમ અને ઓબ્જર્વેશન રૂમ ઉભા કરવામાં આવ્યા છે

રાજ્યમાં કોરોના રસીકરણમાં યુવાનો અને વૃદ્ધ લોકોને આવરી લીધા બાદ હવે બાળકોને કોરોનાની વેકસીનના આવરી લેવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતા ૬૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે સોમવારથી કોરોના રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે .જેમાં આરોગ્ય વિભાગની વિવિધ ટીમોમાં ૬૦૦ થી વધુ આરોગ્ય કર્મીઓ દ્વારા વિદ્યાર્થીઓને કોરોનાની રસી આપવામાં આવી રહી છે જીલ્લા આરોગ્ય તંત્ર એક સપ્તાહમાં શાળામા અભ્યાસ કરતા બાળકોને કોરોના સામે આરોગ્યનું સુરક્ષા કવચ પૂરું પાડશે.

# નિસર્ગ સેન્ટર ગાંધીનગર ખાતે આનંદાલય નો સ્થાપના દિન ઉજવાયો




પહેલી જાન્યુઆરી ૨૦૨૨ નવા વર્ષે આનંદાલયની સ્થાપના દિન નિમિત્તે આનંદાલયે સંકલ્પ દિનની ઉજવણી ગાંધીનગર જિલ્લા ની નિસર્ગ સેન્ટર સેક્ટર ૨૩ ખાતે યોજવામાં આવી. જેનાં ભાગરૂપે વીસ જેટલા સહભાગીઓએ એકઠા થઈ એક સંકલ્પ સ્વ વિકાસ માટે અને બીજો સંકલ્પ સમાજ વિકાસ માટે લીધો હતો. સંકલ્પ લીધા પહેલા સૌ સાધક દ્વારા પોતાનો પરિચય આપ્યો હતો અને પોતે ભવિષ્યમાં સત્તા મળે તો શું કરી શકે તે જણાવ્યું હતું આનંદાલયનાં સ્થાપક શ્રી ડોકટર ઊનાગર અને અભિભાવક ડોકટર પૂર્ણિમા બહેન તેમજ વિશેષ ઉપસ્થિતિ ડો. અવની બા મોરી ની રહી હતી. તેઓ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર માં જી તેમજ પરીક્ષાના ઈ. કોર્ડીનેટરનું પદ સંભાળે છે.

તેઓ એ ખૂબ સરસ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું

આ કાર્યક્રમ માં ત્રાણેય અતિથિ ઓ દ્વારા દિપ જ્યોતિ પરમ જ્યોતિ જલાવી હતી આ કાર્યક્રમ નું સંચાલન ભાવના બેન પટેલ સંયોજિકા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતુ

સભામાં હાજર ઉપસ્થિત તમામ સહભાગીઓએ બે સંકલ્પ લીધા, તેમજ સમયે સમયે તમામ સહભાગીઓ એકબીજાને સંકલ્પ પૂરો કરવા યાદ આપશે એવું નક્કી કરવામાં આવ્યું

આ કાર્યક્રમ માં ઉપસ્થિત તમામ લોકો એ સ્વ માટે સર્વ હિતાય એટલે કે સમાજ ના વિકાસ માટે કાંઈક અલગ કરવાની ખેવના સાથે સંકલ્પ લીધા હતા. સંકલ્પ પૂર્ણ થયા બાદ શ્રી ભરતભાઈ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ખૂબ સુંદર રીતે પૂર્ણ થયો હતો કાર્યક્રમ માં એમ પણ નક્કી થયું હતું કે ૯ તારીખે સૌ સાધકો બાલવા ગામની મુલાકાત લેશે.. કોઈ વૃક્ષો વાવશે, ડૉ ગુલાબચંદ પટેલ વયસન મુક્તિ કાર્યક્રમ કરી લોકો ને વયસન મૂકત બનાવશે, પોતાના સંકલ્પ એક ગામમાં પૂરા કરી આ ગામને આનંદાલય નું આદર્શ ગામ બનાવવામાં આવશે.

આ કાર્યક્રમ માં શ્રી અનિલભાઈ પટેલ નિસર્ગ સેન્ટર ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું તેઓ દ્વારા પ્રગતિ શીલ શિક્ષણ નો સુંદર અંક નિઃશુલ્ક દરેક વ્યક્તિ ને આપવામાં આવ્યો હતો અને અહીં ભવિષ્ય મા પણ કાર્યક્રમ યોજવા જરૂરત હોય તો આ નિસર્ગ સેન્ટર આનંદા લય માટે ખુલ્લું છે સાથ સહકાર આપશે તેમ જણાવ્યું હતું

કરી સૌ સાધકો છૂટા પડયા.

# અરવલ્લી : મોડાસાના ખાડીયા વિસ્તારમાં બંધ મકાનમાંથી ૧ કિલોથી વધુ ગાંજો ઝડપાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે યુવાધનને નશાની લત લગાડી ખોખલા બનાવી દેવાનું ભાવિ પેઢીને નશાની ગર્તામાં ધકેલી દેવાનું નેટવર્ક ચલાવતા પેડલરો સામે લાલ આંખ કરી જીલ્લા પોલીસતંત્રને કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક ભરત બસિયા અને ટાઉન પીઆઇ નીતિમિકા ગોહિલ અને પીએસઆઈ સુખીબેન માળીએ મોડાસા શહેરના ઘાંચીવાડા વિસ્તારમાં ગાંજાનો વેપલો થતો હોવાની બાતમી મળતા પોલીસ કાફલા સાથે પહોંચી સમગ્ર વિસ્તારમાં ગાંજાના વેપલાને ઝડપી પાડવા બે કલાક સુધી ઓપરેશન હાથધરી આખરે એક બંધ મકાનમાંથી ૧.૨૦૦ કી.ગ્રાનો જથ્થો ઝડપી લીધો હતો ગાંજાનો વેપાર કરતો પેડલર સલીમ ગુલુભાઈ મોડાસીયા પોલીસ રેડ જોઈ ફરાર થઇ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા શહેરમાં માદક દ્રવ્યોનો વેપલો થઇ રહ્યો છે રવિવારે રાત્રે ડીવાયએસપી ભરત બસિયાને કસ્બા સહીતના વિસ્તારમાં એક શખ્સ ગાંજો વેચતો હોવાની બાતમી મળતા ટાઉન પોલીસ સાથે ઘાંચીવાડા સહીત સમગ્ર વિસ્તારમાં પોલીસ કાફલા સાથે ઠેર ઠેર તપાસ હાથધરી હતી બાતમી સચોટ હોવાથી પોલીસે આખરે બે કલાકથી વધુના સમય પછી સલીમ ગુલુભાઈ મોડાસીયાના બંધ મકાનમાંથી ૧.૨૦૦ કિલોગ્રામ રૂ.૧૨ હજારથી વધુનો ગાંજો ઝડપી લીધો હતો પોલીસ રેડ કરતા પહેલા ગાંજાનો કાળો કારોબાર ચલાવનાર પેડલર સલીમ મોડાસીયા નાસી છૂટ્યો હતો પોલીસતંત્રની સઘન કાર્યવાહીના પગલે સમગ્ર વિસ્તારમાં નશાનો કારોબાર ચલાવતા અસામાજીક તત્ત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા

મોડાસા ટાઉન પોલીસ પીએસઆઈ એસ.ડી.માળીની ફરિયાદના આધારે સલીમ ગુલુભાઈ મોડાસીયા (રહે,ખાડિયા) વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.